**आर्ष विश्व**
**आचार्य कल्याणबोधि**

# शिक्षासमीक्षा

राजस्थान राज्य पाठ्यपुस्तक मंडल ने आठवी कक्षा के हिंदी के पूरक पाठ्यपुस्तक के रूप में 'भारत की खोज' पुस्तक को स्थान दिया है । जो भारत के आदरणीय नेता व पूर्व प्रधानमंत्री श्री जवाहरलाल नेहरू लिखित 'डिस्कवरी ऑफ इंडिया' का संक्षिप्त हिन्दी अनुवाद है । भारत का गौरवमय इतिहास, भारत की परम पावन संस्कृति व भारतीय जनता के सुखी-संतुष्ट जीवन की आधारशिला समान भारत के प्राचीन धर्मों के विषय में छात्रों को जानकारी मिले, यही पवित्र उद्देश्य से पाठ्यपुस्तक मंडल ने इस पुस्तक को पसंद किया होगा, ऐसा हम अनुमान कर सकते है । इस पुस्तक का अध्ययन करके हमने उस पर निष्पक्षपात चिंतन किया। हमारे छात्रों व देश के हित के लिये, हमें जो कहने योग्य लगा, उसे हमने यहाँ प्रस्तुत किया है । आशा है केन्द्रसरकार, राज्यसरकार, शिक्षामंत्री व पाठ्यपुस्तक मंडल सहित समग्र देश के मनीषी निष्पक्षपाततया इस पर विचार करेंगे, और ऐसा निर्णय करेंगे जो देश के हित के पक्ष में होगा ।

**'भारत की खोज' पुस्तक के चिंतनीय पहलूँ**

(१) वैदिक युग के आर्य मृत्यु के बाद के अस्तित्व में बहुत अस्पष्ट ढंग से विश्वास रखते थे । (पृ० २१)

**चिंतन :** सभी वैदिक शास्त्र आत्मा, पुण्य, पाप, परलोक आदि सत्यों का प्रतिपादन दृढतापूर्वक करतें है । पूर्वजन्म, पुनर्जन्म के विषय में अनेक केस की जाँच करने के बाद अनेक आधुनिक विज्ञानी भी आत्मा व परलोक के विषय में स्पष्ट ढंग से विश्वास रखने लगे है, तो आस्तिकतासम्पन्न आर्यो के विषय में तो क्यों कहना ?

(२) आर्यो का आना (पृ० १९)

**चिंतनः सर्वहेयधर्मेभ्य आराद्याता आर्या :** - जिन्होंने सर्व पापो का त्याग किया है, उसे आर्य कहते है, ऐसी भारत के प्राच्यतम शास्त्रों ने कही हुई परिभाषा है । भारतीय प्रजा अनादि काल से अपने निष्पाप अहिंसाप्रधान जीवन के लिये सुप्रसिद्ध है । अतः आर्यो के आगमन की कल्पना उचित नहीं है ।

(३) वेदों की अवेस्ता से निकटता (पृ० २१)

**चिंतन :** वेदों को आर्य मानव के द्वारा कहा गया पहला शब्द कहा, जिससे वेदों को अपौरुषेय या भगवत्प्रणीत मानने वाली भारतीय जनता की धार्मिक भावना को ठेस पहुँच रहा है । वेदों की भाषा की इरान की भाषा से तुलना की गई है, और संस्कृत की अपेक्षा अवेस्ता

से ज्यादा समीप बताया गया है । भारतीय प्राच्यविद्या के कितने विद्वान इस बात से सम्मत होंगे ? व वेदों, जो भारतीय संस्कृति के उपहार है, उनके बारे में यह बात भारतीय संस्कृति के चाहकों को कितनी स्वीकृत होगी ?

★ निर्धन और अभागे लोग एक हद तक परलोक में विश्वास करने लगते है । (पृ० २२)

**चिंतन :** परलोक के इन्कार से विदेशों में जो भयानक हिंसा, चोरी, व्यभिचार आदि का तांडव मचा है, और भारतीय जनता अपनी नैतिकतामूलक आस्तिकता से विदेश की तुलना में कइ गुना अधिक स्वस्थ, संतुष्ट व सुखी जीवन जी रही है । आप किसी भी साल की खून, बलात्कार, चोरी आदि घटनाओं की (भारत व विदेश सम्बन्धी) तुलना करोगे, तो उसका परिणाम ही इस बात का परिचायक हो जायेगा । तो आस्तिकता का सम्बन्ध निर्धनता व दुर्भाग्य से बताकर हम भारतीय विद्यार्थीओं को क्यों बनाना चाहते है ? हमारे समस्त पूर्वज, धर्मगुरु, एवं धर्मोपदेशक परमात्मा आत्मा, परलोक व पुण्य-पाप आदि में द्दढ विश्वास रखते थे, तो क्यां वे निर्धन व अभागी थे ?

प्रत्यक्षसिद्ध वास्तविकता तो यही है कि जिन्हें परलोक पर विश्वास नहीं वे ही व्यसन, हिंसा, चोरी, व्यभिचार आदि अपराध करते है, और आखिर में न केवल निर्धन व अभागी होते है, अपितु हर तरह से बरबाद होते है । विश्व के हर अपराध के पीछे किसी न किसी प्रकार की नास्तिकता ही निहित होती है । तो नास्तिकता का समर्थन करके तथा आस्तिकता को ऐसे शब्दों से कुचलकर हम इस देश को किस दिशा में ले जाना चाहते है ?

★ वैदिक संस्कृति की मूल पृष्ठभूमि परलोकवादी या इस विश्व को निरर्थक मानने वाली नहीं है । (पृ० २२)

**चिंतन** - क्यां परलोकवादी होना, इस का अर्थ यह है कि यह विश्व व यह जीवन निरर्थक है ? क्यां यह प्रतिपादन भ्रमणा का प्रसार नहीं है ? 'यदि मैं किसी को मारुंगा या किसी को कष्ट पहुँचाऊंगा, तो मुझे परलोक में उसके कटु फल मिलेंगे । जैसी करनी वैसी भरनी ।' यह है परलोकवाद । जिस के आधार से मनुष्य अपराधों से मुक्त रहने की शक्ति पाता है और सुखी, स्वस्थ व नैतिक जीवन जीकर जीवन का सच्चा आनंद पाता है । परलोकवाद से ही इस जीवन की सार्थकता संभवित है, तो उससे इस विश्व के निरर्थक होने की आपत्ति कैसे आ सकती है ?

अधिक दुःख की बात तो यह है कि उक्त प्रतिपादन से परम आस्तिक वैदिक संस्कृति को नास्तिक कहा गया हो, ऐसा प्रतीत होता है ।

★ भारत में हर जगह मुझे एक सांस्कृतिक पृष्ठभूमि मिली जिसका जनता के जीवन पर बहुत गहरा असर था । रामायण और महाभारत और अन्य ग्रन्थ भी जनता के बीच दूर दूर तक प्रसिद्ध थे । हर घटना, कथा तथा उसका नैतिक अर्थ लोकमानस पर अंकित था और

उसने उन्हें समृद्ध और संतुष्ट बनाया था । (पृ० १५)

**चिंतन :** भारतीय संस्कृति व रामायण आदि ग्रन्थ आस्तिकता से ही पूर्ण है व वे आस्तिकता की ही शिक्षा देते है, इसमें कोई संदेह नहीं है । आस्तिकता ही संतुष्टि व समृद्धि का मूल है, ऐसा स्वयं लेखकने स्वीकार किया है ।

सरकार यदि जनता को समृद्ध व संतुष्ट देखना चाहती है, तो रामायण, महाभारत और अन्य ग्रन्थ जिनमें संस्कृति, सदाचार, नैतिकता, अहिंसा, प्रेम, करुणा व आस्तिकता की शिक्षा हो उसका जनता में प्रसार करना चाहिये तथा इन ग्रन्थो के प्रेरक अंशो को पाठ्यपुस्तको में अधिक से अधिक स्थान देना चाहिये ।

★ अनपढ़ ग्रामीणों को सैकड़ों पद याद थे और अपनी बातचीत के दौरान वे बराबर या तो उन्हें उद्धृत करते थे या फिर किसी प्राचीन रचना में सुरक्षित किसी ऐसी कहानी का उल्लेख करते थे, जिससे कोई नैतिक उपदेश निकलता हो । (पृ० १५)

**चिंतन :** नैतिक शिक्षा देने वाले सैकड़ों पद व प्राचीन कथायें जिनकी बातचीत का हिस्सा बन गया हो, उन ग्रामीणों को शिक्षित कहा जाये ? या जिनके जीवन में नैतिकता का कोई स्थान न रहा हो ऐसे डिग्रीधारी व सत्ताधारी को ? हम शिक्षा देने पर अत्यधिक जोर देने लगे है, किन्तु शिक्षा की परिभाषा समजना उससे भी कइ गुना आवश्यक है, उसे समजे बिना हम कभी 'शिक्षा' नही दे पायेंगे, ऐसा नहीं लगता ?

★ न स्वर्ग और नरक है और न ही शरीर से अलग कोई आत्मा । (पृ० २७)

**चिंतन :** भौतिकवाद की मान्यता यह है, ऐसा पुस्तक में कहा गया है । इस से छात्रों को क्यां शिक्षा मिलेगी ? क्यां यह अपराधों की शिक्षा नहीं है ? **ऋणं कृत्वा घृतं पिबेत्** - की निम्न वृत्ति की शिक्षा नहीं है ? विश्व के बड़े बड़े मनीषी कह रहे है, कि जिसे परलोक का ड़र नहीं, उस से ड़रते रहो, यत: वह कभी भी कोई भी अपराध कर सकता है ।

क्यां ऐसा नहीं लगता, कि उक्त शिक्षा से देश में भयजनक व हानिकारक लोगों की वृद्धि होगी ?

★ वे अपने आप को अतीत की बेडियों व बोझ से मुक्त करना चाहते थे - उन तमाम बातों से जो प्रत्यक्ष दिखाई नहीं देती । (पृ० २७)

**चिंतन :** जिस की पवित्र छाया में भारतीय जनता हजारो साल तक संतुष्ट व समृद्धतया जीती रही, वह पावन संस्कृति, सदाचार व आस्तिकता यदि बन्धन है, तो संसार में मुक्ति जैसी कोई चीज ही नहीं रहेगी । वर्तमान भारत की सारी समस्यायें भौतिकवाद से ही पेदा हुई है । भौतिकवाद की और छात्रों को आकर्षित करना यानि उन सारी समस्याओं को बढ़ावा देना ।

हमारे दादाजी के दादाजी हमें प्रत्यक्ष नहीं दिखाई देते, परन्तु हम उनका इन्कार नहीं

कर सकते, यतः उन की वंशपरम्परा स्वरूप परिणाम को हम देख सकते है । आत्मा, पुण्य, पाप, परलोक, आदि भी हमें प्रत्यक्ष दिखाई नहीं देते, तथापि हम उनका इन्कार नही कर सकते, यतः पूर्वजन्म कृत सुकृत-दुष्कृत के परिणाम स्वरूप संसार के सुख-दुःख को हम देख सकते है । पूर्वजन्म की स्मृति की प्रामाणिक घटनायें नियमित बनती रहती है, वार्तापत्रों में छपती रहती है व विज्ञानीओं का समर्थन भी पाती रहती है । अनेक सुशिक्षितोने कडी परीक्षा के बाद इन घटनाओं का और साथ ही साथ आत्मा, परलोक आदि तत्त्वो का भी स्वीकार किया है, जो एक दृष्टि से भौतिकवादने किया हुआ आस्तिकता का स्वीकार है ।

क्यां हम छात्रों को इन नयें आयामों की शिक्षा से वंचित रखेंगे ?

★ विवेकपूर्ण चेतना लुप्त होती गई और अतीत की अन्धी मूर्तिपूजा ने उसकी जगह ले ली । (पृ० ८)

**चिंतन :** ऐसी बाते सुनने पर अच्छी व अलंकारिक लगती है । इस बात का अर्थ यह हो सकता है कि मूर्तिपूजा में जिनकी आस्था है, वे अन्धे व अविवेकी है । अब जरा सोचो । बचपन में जिसने अपनी माँ को गवा दिया है, वह मानव सारी जिन्दगी तक अपनी माता का फोटो अपने पास रखता है, उसे देखता है, उस में जीवन्त माता की अनुभूति करता है, उस से वह प्रेम व वात्सल्य की प्राप्ति करता है, जो दूसरी कोई महिला उसे नहीं दे सकती । फोटो भले ही उस की जीवन्त माता नहीं है, तथापि यदि वह उस से प्रेम, वात्सल्य व जीवन की ऊर्जा प्राप्त करता है, तो क्यां हमे उसे अन्धा या अविवेकी कहेंगे ? यदि वह युवान अपनी माता की प्रतिमा बनाकर उसका सम्मान करे, तो क्यां वह कुछ गलत कर रहा है ?

वास्तव में फोटो या मूर्ति परोक्ष व्यक्ति का भावसान्निध्य प्राप्त करने के लिये एक अनुभवसिद्ध आलम्बन है, जिसे एक या दूसरे प्रकार से प्रायः सारी दुनिया ने अपनाया है । तो यदि इस आलम्बन का उपयोग कोई अपने आदरणीय महापुरुष से पवित्र गुणों की ऊर्जा व आध्यात्मिक आनन्द को प्राप्त करने के लिये करें, तो क्यां वह अविवेक या अन्धता हो सकती है ?

यदि सर्वेक्षण किया जायें, और विश्व के अधमतम अपराधीओं का इन्टरव्यू लिया जाये, तो ज्ञात होगा, कि उनमें से एक भी मूर्तिपूजक नहीं होगा । जिन्होंने परमात्मा की परम पावन ऊर्जा को प्राप्त किया हो, जिन्हों ने मूर्तिपूजा के माध्यम से विवेक व दिव्यदृष्टि की प्राप्ति की हो, वे भला अधम कृत्य कैसे कर सकते है ?

★ जैनधर्म और बौद्ध धर्म दोनों वैदिक धर्म से कटकर अलग हुए थे । और उनकी शाखाएँ थे । (पृ० ५७)

**चिंतन :** विश्व के मूर्धन्य विद्वानों ने जैन, वैदिक, आदि अनेक शास्त्रों व अन्य प्रमाणों का निरीक्षण करके एकमत से इस बात का स्वीकार किया है, कि जैन धर्म पूर्णतया स्वतंत्र व मौलिक धर्म है । वह किसी अन्य धर्म की शाखा नहीं है । वेदों एवं पुराणों में जैन तीर्थंकरों

व जैन श्रमणों के विषय में सम्मानपूर्ण उल्लेख प्राप्त होते है । जो इस बात के सबलतम प्रमाण है, कि जैन धर्म वेदों से भी प्राचीन है । इस धर्म को वैदिक धर्म की शाखा मानना यह एक गलतफहमी है, जिस का छात्रों में प्रसार करना उचित नहीं है । हमारा तो यही कर्तव्य है की छात्रों को भारतीय संस्कृति, धर्म आदि के विषय में यथार्थ प्रामाणिक ज्ञान दे ।

★ उन्होंने वेदों को प्रमाण नहीं माना । (पृ० ३७)

**चिंतन :** जैन धर्म किसी का विरोध या खंडन करना नहीं चाहता, किन्तु दुसरें की दृष्टि को परखना, और उसका सम्मान के साथ समन्वय करना चाहता है । भगवान श्री महावीरस्वामी के पास इन्द्रभूति गौतम आदि ११ ब्राह्मणों ने दीक्षा ली थी । दीक्षा के पूर्व उन्होंने अपने वेदों के संशय प्रभु से पूछे थे । प्रभु ने समाधान करते हुए एक को भी ऐसा नहीं कहा कि वेद अप्रमाण है, किन्तु कहा कि – **वेयपयाणमत्थं ण याणसि तेसिमो अत्थो** – 'तुम वेदों के पदों के अर्थ को नहीं समजे हो, इसी लिये तुम्हें यह संशय हुआ है । मैं तुम्हे बताता हूँ, कि उनका क्यां अर्थ है ।' प्रभु ने प्रेम व करुणा से उनके समक्ष सम्यक् वेदार्थ का प्रतिपादन किया । वे सन्तुष्ट हुए व उन्होंने भगवान महावीरस्वामी के शिष्यत्व का स्वीकार किया ।

स्वयं सर्वज्ञ होते हुए भी भगवान श्रीमहावीरस्वामी की यह उदार दृष्टि थी । यदि जैन धर्म के प्राचीन शास्त्रों में भी सम्मान व समन्वय की ही उदार दृष्टि के दर्शन होते है, तो उक्त प्रतिपादन कैसे किया गया, यह बात समज में नहीं आ रही है ।

★ आदि कारण के बारे में वे या तो मौन हैं या उसके अस्तित्व से इन्कार करते हैं। (पृ० ३७)

**चिंतन :** बिलकुल अतिरंजितता के बिना कहूँ तो जैन धर्म में विश्वव्यवस्था, क्षेत्र, काल आदि का जो सूक्ष्मतम निरूपण किया गया है, वैसा शायद अन्य कोई भी धर्म में नहीं किया गया है । वनस्पतिसजीवता, पुद्‌गलपरिणति, जातिस्मरणज्ञान, अवधिज्ञान, वैक्रियलब्धि आदि अनेक जैन सिद्धान्त वैज्ञानिक परीक्षणों से प्रमाणित हो रहे है । अमरिका, केनेडा, जर्मनी, जापान आदि अनेक देशों में जैन साहित्य पर गहन संशोधन हो रहा है । इस साहित्य के अध्ययन के लिये समस्त विश्व में संस्कृत, प्राकृत व अर्धमागधी भाषाओं के छात्रों की संख्या में आश्चर्यजनक वृद्धि हुइ है ।

जैन धर्मने 'आदि कारण' के विषय में स्पष्ट प्रतिपादन किया है – **न कदाचिदनीदृशं जगत्** – यह जगत अनादिकाल से ऐसा ही है । डार्विन का जो उत्क्रान्ति सिद्धान्त सालो साल पढाया जाता है, वह एक कल्पनामात्र है, जिससे अनेक उच्चतम आधुनिक विज्ञानी सहमत नहीं है । पहले मुर्गी या पहले अण्डा ? इस प्रश्न का क्यां जवाब हो सकता है ? यह दोनों ही अनादि परम्परा से प्रवाहित है । मुर्गी से ही अण्डा हो सकता है, न पेड से, न किसी बेक्टेरिया से । मनुष्य से ही मनुष्य हो सकता है, न बैल से, न बन्दर से । फिर भले ही अरबों सालों

की प्रक्रिया की कल्पना क्यों न की जाये ? कल्पना आखिर कल्पना ही रहती है ।

प्राचीनतम बौद्ध साहित्य में उल्लेख है कि 'भगवान महावीरस्वामी सर्वज्ञ है' - इस बात का गौतम बुद्ध ने भी स्वीकार किया था । आज अनेक विज्ञानी इसी स्वीकार की दिशा में प्रगति कर रहे है ।

खास ध्यान खिंचनेवाली बात तो यह है कि लेखक ने स्वयं-या तो ...हैं या...है - ऐसा कहकर जैन धर्म की मान्यता के विषय में अपने अज्ञान का स्वीकार किया है और केवल दो कल्पनायें की है, जिनमें से किसे सच समजा जायें, वह छात्रों की समस्या बनी रहती है, तो ऐसी शिक्षा से उनको क्यां लाभ होगा ? सारे विश्व में हजारों-लाखों विद्यार्थी गहन जैन तत्त्वज्ञान की प्राप्ति कर रहे है, व सृष्टि के सत्यों का ज्ञान पा रहे है, तब हमारे छात्रों को उस महान तत्त्वज्ञान से वंचित रखकर ऐसी सांशयिक शिक्षा देकर हम क्यां साबित करना चाहते है ?

लेखकश्री के प्रति हमारा कोई विरोध नहीं है । उन्हें भारत के विषय में जो जानकारी थी, वह अपने जैल-वास के दौरान उन्होंने अक्षरांकित की । मुझे पूरा विश्वास है कि यदि यह प्रयास उन्होंने एक पाठ्यपुस्तक के लिये किया होता तो उन्होंने अन्य विषयों के सहित जैन शास्त्रो का गहन अध्ययन करके उसके विषय में लिखा होता । किन्तु उन्होंने सहज भाव से इस कृति की रचना की, न कि पाठ्यपुस्तक की । अब यदि पाठ्यपुस्तक मंडल इस कृति को पाठ्यपुस्तक बनाना चाहता है, तो उस का दायित्व बनता है कि इस पुस्तक में प्रतिपादित सर्व विषयों के लिये पर्याप्त शोध की जाये । इसके लिये प्रत्येक विषयों के निष्णातों की राय ली जाये ।

★ जैन धर्म के संस्थापक महावीर (पृ० ३७)

**चिंतन** - जिसने जैन धर्म के विषय में थोडा भी अध्ययन किया हो वह ऐसे शब्द कह ही नही सकता । जैन धर्म में एक विराट कालमान का प्रतिपादन किया गया है, जिसे उत्सर्पिणी व अवसर्पिणी कहते है । इस प्रत्येक काल में २४ तीर्थंकर होते है । भगवान श्रीमहावीरस्वामी २४ वे तीर्थंकर थे । अनादि काल में ऐसे अनंत २४ तीर्थंकर हो चूके । इस काल के प्रथम तीर्थंकर श्रीऋषभदेव थे, जिनका ऋग्वेद व पुराणो में गौरवपूर्ण उल्लेख उपलब्ध होता है ।

इस तरह जैन धर्म शाश्वत है, एवं अनादि काल से प्रवाहित है, प्रत्येक तीर्थंकर इस धर्म का उपदेश देते है, किन्तु उन्हें इस धर्म के संस्थापक नहीं कह सकते ।

★ जैन धर्म, जो अपने मूल धर्म के विरोध में खडा हुआ था । (पृ० ३९)

**चिंतन** - उपरोक्त प्रतिपादन का एक भी शास्त्रीय प्रमाण उपलब्ध नहीं होता है । जब कि जैनधर्म की शाश्वतता व मौलिकता के अनेक प्रमाण प्रस्तुत हो चूके है ।

★ महाराणा प्रताप की अभिमानी व अदम्य आत्मा को झुकाने में अकबर को सफलता न मिली । (पृ० ८०)

**चिंतन** – इस प्रतिपादन के पूर्व अकबर बादशाह की पर्याप्त प्रशंसा की गई है, जिस की तुलना में राजस्थान के गौरव व सारे भारत के लिये आदरणीय महाराणा प्रताप के लिये केवल दो वाक्य कहे गये है । जिसमें से पहला वाक्य यही है । इस स्थिति में ऐसा लग रहा है कि अकबर को जो निष्फलता मिली उस पर यहा अफसोस व्यक्त किया गया है । यदि ऐसा न होता तो 'अभिमानी व अदम्य' इन शब्दों का जगह पर स्वाभिमानी या आत्मगौरवयुक्त व शूरवीर या महाप्रतापी जैसे शब्दो का प्रयोग करना अनुरूप हो सकता था ।

★ महाराणा प्रतापने अकबर को विदेशी विजेता समजा, उनसे औपचारिक संबंध बाँधने से बजाय जंगल में मारे मारे फिरना बेहतर समजा । (पृ० ८०)

**चिंतन** – क्यां अकबर को विदेशी समजना व उसके अंकुश में न आना, यह महाराणा प्रताप की भूल थी ? अकबर के गुणानुवाद में पूरे दो पन्ने व भारत की शान जैसे महाराणा प्रताप के लिये केवल दो वाक्य, वो भी ऐसे जिनसे उनके गौरव की अभिव्यक्ति नहीं हो रही है, अपि तु उनकी प्रेक्षाशक्ति पर संशय हो रहा है, और उनका स्वमान व संस्कृतिप्रेम अनादरपात्र हो रहा है ।

महाराणा प्रतापने जो किया व न केवल उचित था, अपि तु समग्र देश व विश्व के लिये आदर्शरूप था । इसी लिये आज सैंकड़ो साल बाद भी भारतीय जनता उनके निरुपम गुणों का सम्मान कर रही है । व्यक्ति अपने गुणों से ही महान बन सकती है, न कि साम्राज्य के विस्तार से । याद रहे, महाराणा प्रताप से भी अधिक साम्राज्य अकबर का था, और उससे भी अधिक अंग्रेजो का, तथापि न आज अकबर की पूजा हो रही है, न अंग्रेजो की । महाराणा प्रताप के सत्कार की तो क्या बात कहे, उनके घोडे तक की प्रतिमा बनाकर भारतीय जनताने उसे अश्रुपूर्ण श्रद्धांजलि दी है । आज भी किसी 'चेतक' सर्कल से गुजरते लोग उसे देखते है, और उनके स्मृतिपट पर महाराणा प्रताप के अलौकिक शौर्य व संस्कृतिप्रेम का एक इतिहास खडा हो जाता है । उनका ह्रदय एक रजपूत राजा की गौरवगाथा और एक अश्वरत्न की स्वामिभक्ति के प्रति झुक जाता है । तो क्यां यह भारतीय जनता की भूल है ?

हमें तो इस बात का आश्चर्य हो रहा है कि केन्द्र सरकार या राजस्थान सरकार ने इस पुस्तक को पाठ्यपुस्तक का स्थान देने से पहले इस का निरीक्षण नहीं किया होगा ? संपादकश्री व सलाहकारश्री आदि कमिटीने वास्तविकता व जनता की भावना का खयाल नहीं किया होगा ?

महाराणा प्रताप तथा छत्रपति शिवाजी महाराज तो भारतीय इतिहास के गौरवशाली आधारस्तम्भ है । उन्होंने धर्म व संस्कृति की रक्षा करके इस देश की उत्कृष्ट सेवा की है । उन की प्रशंसा में जो पुस्तक मौन जैसी है, उस पुस्तक के लिये मध्यस्थ इतिहासकारों व मनीषीओं का प्रामाणिक अभिप्राय क्यां होगा ?

★ महिलाओं की पर्दा प्रथा से सामाजिक विकास में रुकावट आयी ।

**चिंतन :** पर्दा रखना या नहीं, यह महिला की इच्छा की बात है । पर्दा रखने या न रखने पर उसे बाध्य नहीं किया जा सकता । जहा तक सामाजिक विकास का प्रश्न है, तो इस के लिये हमें पहले विकास की परिभाषा निश्चित करनी होगी । एक बाजू प्राचीन भारतीय संस्कृति की प्रेमी ऐसी लाखों-करोड़ों महिलायें है, जो अपनी इच्छा से पर्दा प्रथा का आदर करती है । और दुसरी ओर अन्य महिलायें है, कि जिन्होंने अपनी इच्छा से वस्त्र प्रथा को भी शिथिल कर दिया है । पर्दा-प्रथा में जी रही महिलायें सफर में एवं जाहिर स्थानों पर अपने आप को सुरक्षित महसूस करती है । उनका वैवाहिक जीवन सुखी व संतुष्ट होता है । न उनके पति कभी उन्हें शंका की दृष्टि से देखते है, न ही उन के पति के प्रेम व सम्मान में कमी आती है ।

दुसरी ओर जिन्होंने पर्दा-प्रथा का आदर नहीं किया, वे सफर में व जाहिरस्थानो में अपने आप को असुरक्षित महसूस करती है । यदि परीक्षण किया जाये, तो ज्ञात होगा की बलात्कारों की महत्तम घटनायें बेपर्दा महिलाओं के साथ हो रही है । नारी उद्धार के जो आगेवान महोदय आज भी पर्दा-प्रथा का विरोध कर रहे है, वे वस्त्र-स्वातन्त्र्य के नाम पर उस संस्कृति का खून कर रहे है, जो हजारो सालो से नारी का रक्षाकवच बनी रही है, उन्हें यह बात पर चिंतन करने की आवश्यकता है, कि क्यां हम नारी का विकास कर रहे है या विनाश ?

जब स्थिति यह है, तब हमें इस बात का गौरव के साथ स्वीकार करना चाहिये, कि हमारी संस्कृति अपने आप में विकसित है । सुरक्षा, शुद्ध प्रेम, सुखी पारिवारिक जीवन, संतोष - यह सब इसी संस्कृति की छाया में संभवित है । इस सत्य को समज कर आज पश्चिमी देशों की जनता भारतीय संस्कृति की ओर अभिमुख हो रही है, तब हम हमारी संस्कृति से विमुख हो, यह न केवल मूर्खता है, अपि तु आत्मघात भी है ।

इस स्थिति में विद्यालयों में यह सीखाना कि 'पर्दा-प्रथा से सामाजिक विकास में रुकावट आती है' इस का क्यां अर्थ हो सकता है व उसका क्यां परिणाम हो सकता है, वह सुज्ञ वाचक स्वयं समज सकते है ।

## उपसंहार

मेरा भारत महान । भारत देश इस लिये महान नहीं है कि वह 'मेरा' है । किन्तु इस लिये महान है कि उस के धर्म, संस्कृति व नैतिक मूल्यों का सारी दुनिया में जवाब नहीं है । यदि भारत को अपनी महानता की सुरक्षा करनी है, तो उसे अपने मूलभूत धर्मों, गौरवपूर्ण संस्कृति और एक तंदुरस्त व स्वस्थ-सुखी समाज के लिये प्राणवायु जैसे नैतिक मूल्यों की रक्षा करनी चाहिये और उसके लिये पाठ्यपुस्तकों में इस उद्देश्य को सिद्ध करे ऐसी शिक्षा को ही स्थान देना चाहिये ।

● ● ●

# आर्ष विश्व

**आचार्य कल्याणबोधि**

## जैन धर्म और भगवान महावीरस्वामी

जैन धर्म यह एक स्वतन्त्र एवं पूर्णतया मौलिक धर्म है। जिसका प्राच्यतम काल में अन्य धर्मोंने भी आदर किया था। इस बात का सबलतम प्रमाण वेदों व पुराणों में प्राप्त जैन धर्म संबंधित गौरवपूर्ण उल्लेख है। जैन धर्म के अनुसार एक विराट कालमान जिसे उत्सर्पिणी व अवसर्पिणी कहा जाता है, उस में २४ तीर्थंकर होते है। भगवान महावीरस्वामी २४ वे तीर्थंकर थे। आज तक अनंत २४ तीर्थंकर हो चूके। ऋग्वेद में प्रथम तीर्थंकर भगवान ऋषभदेव का सम्मान के साथ उल्लेख व वर्णन किया गया है।

भगवान महावीरस्वामी के माता-पिता त्रिशला रानी व सिद्धार्थ राजा थे। जो २३वे तीर्थंकर पार्श्वनाथ की परम्परा के अनुयायी थे। इस तरह अनादि काल से प्रवाहित जैन धर्म भगवान श्रीमहावीरस्वामी के पूर्व भी अखण्ड रूप से प्रचलित था। भगवान श्रीमहावीरस्वामी एक राजकुमार होते हुए भी अत्यंत विरागी, गुणवान एवं करुणा के धारक थे। समस्त विश्व को सर्व दुःखो से मुक्त करने की पवित्र भावना से उन्होंने ३० वर्ष की युवा वय में राज्यसुख का त्याग किया, पूर्णतया अहिंसामय निष्पाप जीवन की प्रतिज्ञास्वरूप दीक्षा का स्वीकार किया और अत्यंत दुष्कर साधना का प्रारम्भ किया। विश्व का कल्याण वही व्यक्ति कर सकती है, जो स्वयं पूर्ण हो। भगवान महावीरस्वामी की कठिन आत्मसाधना का आधार उनकी विश्वोपकार की भावना थी। उनकी साधना लगातार साडे बारह साल तक चलती रही। जिस के दौरान वे कभी भी लेटकर सोये तो नहीं, बैठे तक नहीं। वे दिन-रात कायोत्सर्ग (एक विशिष्ट ध्यानयोग) में मग्न रहे। अज्ञानवश कइ लोगों ने एवं पशु-पक्षी आदि ने उनको बेहद सताया, अनेकशः उनके प्राण लेने की कोशिश की गई। प्रबल शक्ति होने पर भी भगवान महावीरस्वामी ने उन सर्व कष्टों को न केवल समभाव से सहन किया, पर उन दुष्टों के प्रति भी पूर्ण करुणा धारण की। भगवान महावीरस्वामी की इसी करुणामय दृष्टि से अनेक दुर्जन भी सज्जन एवं महान बन गये। साडे बारह साल के इस विराट साधनाकाल में प्रभु ने केवल ३४९ दिन ही भोजन लिया था। उस के अतिरिक्त सर्व उपवास किये थे, वे भी निर्जल। अर्थात् कुल ३४९ दिन के अतिरिक्त प्रभु ने एक भी दिन न अन्न का दाना भी लिया था, न पानी का बुंद भी।

साडे बारह साल के बाद ऋजुवालुका नदी (बिहार) के किनारे पर भगवान श्रीमहावीरस्वामी विशुद्धतम ध्यान की धारा में थे तब उन्हें केवलज्ञान प्राप्त हुआ । यह सर्वज्ञता की उपलब्धि थी, जिस के बल से उन्होंने विश्वकल्याण के मार्ग को देखा और उसका यथार्थ उपदेश देना शुरू किया । विश्व के सूक्ष्म से भी सूक्ष्म जीवों का स्पष्ट प्रतिपादन, सर्व जीवो की रक्षा की परम पवित्र भावना और उत्कृष्ट अहिंसामय जीवन की पालना यह भगवान श्रीमहावीरस्वामी के उपदेश की विशिष्टतायें है ।

भगवान श्रीमहावीरस्वामी ने जो उपदेश दिया, वह विश्वशांति की आधारशिला बन सकती है । उन्होंने कहा, वह तूँ ही है, जिसे तूँ मारना चाहता है । तूँ सर्व जीवों को अपने समान देख । दुःख या मृत्यु जैसे तुझे पसंद नहीं है, वैसे उन्हें भी पसंद नहीं है । तूँ दुसरों के प्रति ठीक ऐसा ही व्यवहार कर, जो तूँ खुद अपने लिये चाहता है ।

भगवान श्रीमहावीरस्वामी के इस अहिंसा, प्रेम और करुणामय उपदेश से प्रभावित होकर लाखों लोगोने अपने जीवन से हिंसा, क्रोध, लोभ, हवस आदि दुर्गुणों को दूर किया । युद्धों व विवादों के स्थान पर शान्ति और प्रेमभावना का प्रसारण हुआ । सर्वज्ञता के प्रकाश में प्रभु ने विश्व के गहन सत्य को देखा, और उसका यथार्थ प्रतिपादन किया, जो आज भी विराट जैन साहित्य में सुरक्षित है, और समग्र विश्व के अनेकानेक विद्वानों को आकर्षित कर रहा है ।

भगवान श्रीमहावीरस्वामी की प्रेम और करुणाभावना का उपहार आज भी जैन जनता में सुरक्षित है । जैन साधु-साध्वी आज भी पूर्ण अहिंसामय जीवन जीते है । वे न वाहन का उपयोग करते है, न इलेक्ट्रीसिटी का । वे भारतभर में पदयात्रा करते है, और प्रेम, शांति व करुणा का उपदेश देते है । उन के उपदेशने जनकल्याण के कार्यो में कीर्तिमान बनायें है । नदी की बाढ़ हो या धरतीकंप, त्सुनामी का प्रकोप हो या अकाल...समस्त जनता एवं पशु तक की सहाय के लिये जैनों की ओर से एक ही दिन में लाखों और करोड़ो रूपये की न केवल सहाय आ जाती है, जैन युवा कार्यकर्ताएँ अपने घर-परिवार-व्यापार आदि को छोड़कर आपत्तिग्रस्त विस्तार में स्वयं सहायकार्य में लग जाते है । जीवदया, समाज-कल्याण, शैक्षणिक सुविधाएँ, अस्पतालनिर्माण, मेडिकलकेम्प आदि में जैनों का उल्लेखनीय योगदान रहता है, जिस का आधार भगवान महावीरस्वामी व उनका प्रेम व करुणामय उपदेश है ।

भारत के लोकप्रिय पूर्व प्रधानमंत्री मोरारजी देसाई ने कहा था कि जैनधर्म विश्वधर्म बनने के लिये योग्य है । विश्वप्रसिद्ध चिंतक ज्योर्ज बर्नाड शो ने कहा था कि मैं अपना अगला जन्म एक जैन परिवार में लेना पसंद करूंगा । जैन धर्म की उत्कृष्ट

अहिंसामय दृष्टि ने महात्मा गांधीजी को भी पर्याप्त प्रभावित किया था ।

आज भी देलवाडा, राणकपुर, पालीताणा जैसे विश्वप्रसिद्ध तीर्थों, जिनमंदिरों की शृंखलायें, अति विराट प्राच्य साहित्य, प्राचीन परम्परा का विशुद्ध श्रमण जीवन व भगवान श्रीमहावीरस्वामी की करुणा की जीवंतता जैन धर्म की गौरवप्रद संपत्ति है, जो विश्व को आश्चर्यचकित कर रही है ।

इस तरह जैन धर्म अनादिकाल से प्रवाहित एक शाश्वत व मौलिक धर्म है । संस्कृत के 'हिण्ड्' धातु से हिंदू शब्द बना है, जिसका अर्थ है चलना । आत्मा इस लोक से परलोक में प्रस्थान करती है, ऐसा जो भी मानते है, वे हिंदू है । एक दुसरी परिभाषा के अनुसार जो हिंसा से दुःखी होते है, अहिंसा को परम धर्म समजते है, वे हिंदू है । वे चाहे वैदिक हो, वैष्णव हो, शीख हो, पारसी हो, जैन हो या बौद्ध हो, वे सब 'हिंदू' है । राष्ट्रीयता की महान भावना हिंदू प्रजा की इस परिभाषा में निहित है । जिसमें प्रत्येक धर्म की स्वतंत्रता भी सुरक्षित है, एवं प्रेम व शांति से पूर्ण राष्ट्रीय एकता की भावना भी ।

## આર્ષ વિશ્વ

**આચાર્ય કલ્યાણબોધિ**

# કથા....અંતરંગ વિશ્વની

## (ઉપમિતિ-૧૦૦૮ વર્ષ પ્રાચીન એક અનુપમ કથા)

એક એવું માધ્યમ જે સહજ ઔત્સુક્ય જન્માવે, આતુર અને ઉત્સુક બનાવે, આબાલવૃદ્ધ સર્વના રસનો વિષય બને, એનું નામ છે...કથા. માટે જ અનાદિકાળથી કથાનું એક સરખું આકર્ષણ રહ્યું છે. ચાહે દાદીમાની વાતો હોય કે સચિત્ર બાળપુસ્તક હોય, નાટકનો રંગમંચ હોય કે ચલચિત્રનો પડદો હોય, નોવેલ-બુક હોય કે રામાયણ-સત્ર હોય, કથા સર્વવ્યાપી છે.

અહીં એક એવી કથાની વાત કરવી છે, જે ઉપરોક્ત સર્વકથામાં વ્યાપ્ત છે. જીવનની પ્રત્યેક ઘટના જે કથા સાથે વણાયેલી છે. મારી પણ એ જ કથા છે, ને તમારી પણ. જેણે આ કથાને નથી જાણી, એણે કશું જ નથી જાણ્યું. દુન્યવી ડિગ્રીઓ એનું ગૌરવ નહીં, પણ કલંક છે.

વિશ્વવ્યવસ્થા અને વિશ્વસંચાલનનું રહસ્ય જે કથામાં રસપ્રદ રીતે વ્યક્ત થયું છે. આપણે જે જે પ્રસંગમાંથી પસાર થઈએ છીએ, તે એક એક પ્રસંગનું જે કથામાં પોસ્ટમોર્ટમ થયું છે, જે કથાના પરિશીલન બાદ સમગ્ર જગત આરપાર દેખાય છે...આત્માની પારદર્શી દૃષ્ટિના આવરણો વિદાય લે છે...પરમ શાંતિ આત્માની સહચરી બને છે...પરમ સુખ સ્વાધીન બને છે...વિશ્વમૈત્રીની ભાવના હૃદયમાં પ્રતિષ્ઠા પામે છે...જીવમાત્રમાં રહેલા શિવસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે...પરમ સમાધિની સ્થિતિ સહજ બને છે અને આત્મા અહીં જ જીવન્મુક્તિના પરમાનંદને અનુભવે છે.

એ કથાનું નામ છે 'ઉપમિતિ ભવ પ્રપંચ કથા.' જેના લેખક છે પરમ કારૂણિક શ્રમણ શ્રી સિદ્ધર્ષિ ગણિ. વિ.સં. ૯૬૨માં સંસ્કૃત ભાષામાં આ કથાનું સર્જન થયું છે. જેઠ સુદ ૫ ના દિવસે આ કથાનો ૧૦૦૮ મો જન્મદિન આવી રહ્યો છે. જન્મદિન એનો જ મનાવવા યોગ્ય છે, જેણે પરોપકાર કર્યો હોય, જેણે વિશ્વનું મંગલ કર્યું હોય. આ કથાએ આજ સુધીમાં હજારો શ્રોતાઓને પારદર્શી દૃષ્ટિનું દાન કરીને જીવન્મુક્તિનો પરમાનંદ આપ્યો છે. સંક્લેશોની હૈયાહોળીમાંથી મુક્ત કરીને

સમાધિની સુધાવૃષ્ટિ આપી છે. આત્માનો આમૂલચૂલ ઉદ્ધાર કર્યો છે.

જે વિશ્વને આપણે જોઈ રહ્યા છીએ, એ બહિરંગ વિશ્વ છે. એના વણઉકેલ્યા અગમ કોયડાઓના સમાધાન અંતરંગ વિશ્વમાં રહેલા છે. જ્યાં સુધી આત્માને અંતરંગ વિશ્વનું દર્શન ન થાય, ત્યાં સુધી એ છતી આંખે અંધ રહે છે, તીવ્ર બુદ્ધિ હોવા છતાં મૂર્ખ રહે છે. બહિર્દૃષ્ટિથી ઘટનાઓના અર્થઘટન અને વ્યક્તિઓના મૂલ્યાંકન કરે છે. અને પરિણામે ચિંતા, સંતાપ, કલહ, અશાંતિ, અસંતોષ, અનેક શારીરિક-માનસિક રોગોથી માંડીને આત્મઘાત અને દુર્ગતિ સુધીના ભયાનક ફળોને ભોગવે છે.

'ઉપમિતિ' કથા આત્માની અનાદિની અંધતાને દૂર કરે છે. જાણે એક દિવ્ય અંજન કરે છે અને આત્માને અંતરંગ વિશ્વનો સાક્ષાત્કાર થાય છે. એક બાજુ અનંત ગુણસમૃદ્ધિ દેખાય છે અને બીજી બાજુ અનંત દોષદાવાનળ દેખાય છે. અંતરંગ દોષોમાં સર્વ દુઃખોના મૂળ દેખાય છે અને અંતરંગ ગુણોમાં સર્વ સુખોની પ્રાપકતા દેખાય છે. વિશ્વનો પ્રત્યેક જીવ વાસ્તવમાં શુદ્ધસ્વરૂપી છે. આત્મા અને પરમાત્મા વચ્ચે વાસ્તવમાં કોઈ જ ભેદ નથી. કુશળ શિલ્પી શિલામાં જ શિલ્પના દર્શન કરે છે, એ જ રીતે જ્ઞાનીઓ આત્મામાં જ પરમાત્માના દર્શન કરે છે.

એક પ્રદર્શન-હોલમાં લોકોના ટોળે ટોળા એક શિલ્પને ઘેરી વળ્યા, આબેહુબ ને જીવંત એ શિલ્પ. 'અદ્ભુત...અદ્ભુત'ના ઉદ્ગારો સરી રહ્યા છે. બધા આફરીન આફરીન છે. એ સમયે ત્યાં આગમન થયું એના સર્જકનું. કોઈએ એમને ઓળખી કાઢ્યા. લોકોને જાણ કરી. અભિનંદનો વરસી રહ્યા છે. પણ શિલ્પીની સહજ નમ્રતા દાદ માંગી લે તેવી છે. એક કલારસિકે અત્યંત જિજ્ઞાસા સાથે પ્રશ્ન કર્યો - "તમે આવું અદ્વિતીય સર્જન શી રીતે કરી શક્યા ?" શિલ્પીએ એ જ નમ્રતા સાથે જવાબ આપ્યો, "મેં સર્જન કર્યું જ નથી." સહુના ચહેરા પર પ્રશ્નાર્થ તરવરી રહ્યો. શિલ્પીએ સ્પષ્ટતા કરી. "મેં તો માત્ર વિસર્જન કર્યું છે. મેં અવશેષનું વિસર્જન કરી દીધું. શિલ્પ સ્વયં પ્રગટ થઈ ગયું."

અવશેષ દૂર થઈ જાય, તો શિલા એ જ શિલ્પ છે. દોષો દૂર થઈ જાય, તો આત્મા એ જ પરમાત્મા છે. જીવનનું સાર્થક્ય સર્જનમાં નહીં, વિસર્જનમાં છે. અજ્ઞાની સમગ્ર જીવન સંપત્તિ, સાધનો વગેરેના સર્જનમાં લગાડી દે છે ને અંતે બધું જ મૂકીને અસહાયપણે વિદાય લે છે, સાથે હોય છે માત્ર દોષો. ભયાનક દુઃખમય

હોય છે એનો પરલોક. લીમડો વાવ્યા પછી આમ્રફલોની આશા વ્યર્થ છે. જ્ઞાની સમજે છે, કે વિસર્જન જેવું સર્જન બીજું કોઈ જ નથી. દોષોનું વિસર્જન એ જ આત્મગુણોનું સર્જન છે. ઉપનિષદોનો સંદેશ યાદ આવે છે - **उपाधिनाशाद् ब्रह्मैव ।**

દોષોનું વિસર્જન એ જ દુઃખોનું વિસર્જન છે. આના સિવાય દુઃખમુક્તિનો બીજો કોઈ ઉપાય નથી. આગમ આ જ વાત કહે છે - **रागस्स दोसस्स य संखएण एगंतसोक्खं समुवेइ मोक्खं ।** બાવળ પર પ્રેમ રાખીને કાંટાઓની ફરિયાદ કરવી જેમ વ્યર્થ છે, તેમ દોષો સાથે દોસ્તી રાખીને દુઃખોની ફરિયાદ કરવી પણ વ્યર્થ છે. આગમ કહે છે - **जुद्धारिहं खलु दुल्लहं ।** અતિ દુર્લભ આ મનુષ્ય દેહનું સાફલ્ય અંતર્યુદ્ધ કરવામાં છે, પરમ પરાક્રમથી દોષોને પરાજિત કરીને જ્વલંત વિજય મેળવવામાં છે.

'ઉપમિતિ' આ જ તત્ત્વને રોચક કથા દ્વારા પ્રસ્તુત કરે છે. લગભગ સોળ હજાર શ્લોક પ્રમાણ આ ગ્રંથ આઠ પ્રસ્તાવોમાં વિભક્ત છે. એક એક પ્રસ્તાવ આવતો જાય છે...એક એક ઘટનાનું જાણે જીવંત પ્રસારણ (લાઈવ ટેલિકાસ્ટ) થતું જાય છે, ને સંસારનો પર્દાફાશ થતો જાય છે. મનોમંથનને આલંબન મળતું જાય છે. હિંસા અને ક્રોધે કરેલી નંદિવર્ધન રાજકુમારની દુર્દશા...અહંકાર અને અસત્યનું રિપુદારણ રાજાએ ભોગવેલ કડવું ફળ...ચોરી અને કપટથી નિર્મિત વામદેવની દર્દનાક કથા...લોભ અને મૈથુને કરેલા ધનશેખરની બરબાદી...મહામોહ અને પરિગ્રહે કરેલ ઘનવાહન રાજાનું સત્યાનાશ...

પળે પળે ઉત્તેજના ઉપજાવતી કથા ચાલતી રહે છે ને પડદાઓ ખસતા જાય છે...એક પછી એક....વાચક પ્રતીતિ કરે છે...આ તો મારી જ વાત...મારી જ કથા...હું જ નાયક...હું જ ખલનાટક. દુર્ભાગ્ય એ જ - આજ સુધી આનાથી અજાણ રહ્યો. સદ્‌ભાગ્ય એ જ - આજે આ પર્દાફાશ થયો. **યોગશાસ્ત્ર**ની સૂક્તિ યાદ આવે છે - **आत्माऽज्ञानभवं दुःख-मात्मज्ञानेन हन्यते ।** દુઃખનો જન્મ થાય છે આત્માના અજ્ઞાનથી ને દુઃખનો વિનાશ થાય છે આત્માના જ્ઞાનથી.

શાખા અને પ્રશાખાઓથી વૃક્ષ સમૃદ્ધ બને છે. કથા અને અવાંતરકથાઓએ આ ગ્રંથને સમૃદ્ધ બનાવ્યો છે. સ્પર્શસુખની આસક્તિએ કરેલ 'બાલ'ની વિડંબના આંચકો આપે છે...સ્વાદલોલુપતાએ કાઢેલ 'જડ'નું ધનોતપનોત કમકમાટી ઉપજાવે છે...સુગંધનાં આશિક 'મંદ'ની યાતના સ્તબ્ધ કરી દે છે...રૂપના માશુક 'અધમ'ની

દુઃખકથા લાલબત્તી ધરે છે...તો સંગીતના શોખીન 'બાલિશ'ની વ્યથા વિચારાધીન કરી દે છે. સંસારનો ગમે તેટલો રાગી આત્મા પણ આ કથાધારામાં પ્લાવિત અને આપ્લાવિત થાય એટલે એનું મન નિર્ણયબદ્ધ થયા વિના ન રહે, કે સંસારનું પ્રત્યેક સુખ દુઃખથી મળે છે, એ સુખ સ્વયં વાસ્તવમાં દુઃખરૂપ છે, ને એને ભોગવવાનું પરિણામ અનેકગુણ દુઃખ સિવાય બીજું કાંઈ જ નથી. આગમનું વચન છે - **खणमित्तसुक्खा बहुकालदुक्खा ।** સુખ ક્ષણમાત્રનું છે...દુઃખ દીર્ઘ-સુદીર્ઘ કાળનું છે.

કથાકારે માત્ર નકારાત્મક (નેગેટીવ) બાજુને જ નથી રજૂ કરી, બલ્કે સમાંતરપણે જ હકારાત્મક (પોઝિટીવ) બાજુ પણ એવી રીતે રજૂ કરી છે, કે વાચક મંત્રમુગ્ધ થઈ જાય. ગુણવાન બનવા માટે એના હૃદયમાં પ્રબળ ઝંખના જાગી જાય. ઉત્કૃષ્ટ ભોગસામગ્રીની વચ્ચે પણ મનીષીની નિર્વિકાર ચિત્તવૃત્તિ, વિચક્ષણનો જ્વલંત વિરાગ, બુધસૂરિનું નિરુપમ વચન, ઉત્તમની અદ્ભુત નિઃસંગતા ને કોવિદની અનાસક્તિ...એક એક ગુણનું દર્શન ભ્રામક સુખની દોડધામને સ્થગિત કરી દેવા સમર્થ છે. એ સ્રોતથી આત્માને કદી તૃપ્તિ મળવાની નથી જે આત્માની ભીતરમાંથી નથી નીકળ્યો. હજારો યયાતિઓ, દુર્યોધનો ને ગિઝનીઓ મૃગતૃષ્ણાની પ્યાસમાં જીવનભર દોડે ગયા છે...કસ્તૂરીમૃગની જેમ સુરભિની શોધમાં ભટકતા રહ્યા છે...પણ કોઈને ક્યાંય કશું હાથ લાગ્યું નથી, સિવાય પરસેવો, પરિશ્રમ ને પીડા. સુખ તો ભીતરમાં છે, એ બહાર ક્યાંથી મળે ?

'ઉપમિતિ' એ માત્ર કથાગ્રંથ કે ધર્મગ્રંથ નથી, સફળ જીવનની શૈલી છે...સુખ-શાંતિનો રાજમાર્ગ છે. આલોક અને પરલોકને સુખસમૃદ્ધ કરવાની કળા છે. કુશળ ડૉક્ટરો, બુદ્ધિશાળી વકીલો, અરબો-ખરબોના આસામીઓ, સ્વ-સ્વ ક્ષેત્ર (ફિલ્ડ)ના ખેલાડીઓ, તીવ્ર મેધાવી વેપારીઓ ને આઈ.ટી.ના માસ્ટર-માઈન્ડ વિદ્યાર્થીઓ...જેમની પાસે પણ સમજણશક્તિ છે, તે બધાને હાર્દિક આમંત્રણ છે...'ઉપમિતિ'ના અંતરંગ વિશ્વમાં પદાર્પણ કરવા...આપની બુદ્ધિની સાર્થકતા પણ આમાં જ છે, અને જીવનની સફળતા પણ.

આમાંથી જેમ જેમ પસાર થશો એટલે બાહ્ય પરિશ્રમ, સંશોધન, સર્જન, સત્તા, પ્રતિષ્ઠા, લોભામણી વસ્તુઓ બધું જ વ્યર્થ લાગશે...એક એક પ્રસ્તાવો આંતર-ગૂંચને ઉકેલતા જશે...હૃદયને પીગાળતા જશે...ને આઠમો પ્રસ્તાવ પરાકાષ્ઠાએ પહોંચશે, ત્યારે...થોડી પણ સંવેદનશીલતા હશે...તો આંસુઓનો બંધ

તૂટી પડશે...હીબકા ભરી ભરીને રડી પડાશે. ને એ અશ્રુઓની ઉષ્મા જ દોષો ને દુઃખોના દરિયાને સૂકવી દેવા સમર્થ બનશે.

આ ગ્રંથને તેના મૂળરૂપે - સંસ્કૃત ભાષામાં માણવાનો જે આનંદ અને જે અનુભૂતિ છે, તે વર્ણનાતીત છે. આમ છતાં જેઓ સંસ્કૃતભાષાના જાણકાર નથી, તેમના માટે સંતો અને સજ્જનોએ આ ગ્રંથનો અનુવાદ કર્યો છે. 'ઉપમિતિ' એ વિશ્વનો અદ્વિતીય રૂપક ગ્રંથ છે. વિશ્વના અનેકાનેક ભાષાઓમાં તેનો અનુવાદ થઈ ચૂક્યો છે. ગુજરાતી અનુવાદની પાંચ આવૃત્તિઓ પણ થઈ ગઈ છે. તો સંક્ષેપરૂચિ વાચકોને અનુલક્ષીને સંસ્કૃત અને ગુજરાતીમાં તેના સારોદ્ધારો પણ પ્રકાશિત થઈ ચૂક્યા છે. પશ્ચિમી વિદ્વાનો આ ગ્રંથની અસ્મિતા પર ઓવારી ગયા છે, ને આપણી દશા...ઘર કી મુર્ગી...

ચાલો, બધા લઈ ગયા, તમે રહી ગયા - આ સ્થિતિમાંથી બહાર નીકળીએ...આત્માર્થી બનીએ...આત્મકથાની અજાણતાના કલંકનું પ્રક્ષાલન કરીએ...ક્યાંક વાંચેલી આ પંક્તિઓ-

પાત્રો, સંવાદો ને પ્રસંગો છે છતાં,<br>
જિંદગી, વાંચ્યા વગરની વારતા.

સવાલ માત્ર જિંદગીનો નથી, જનમો જનમનો છે. અનંત ભૂતકાળની ભૂલોને સમજીને અનંત ભવિષ્યકાળને સુધારવાનો છે. सुज्ञेषु किं बहुना ? બહુશ્રુત ગુરુ ભગવંતનું શરણ લઈએ....આ કથાનો રસાસ્વાદ લઈએ અને કૃતાર્થ બનીએ.

પરમ તારક સર્વજ્ઞવચન વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્

અવશેષ દૂર થઈ જાય,<br>
તો શિલા એ જ શિલ્પ છે.<br>
દોષો દૂર થઈ જાય.<br>
તો આત્મા એ જ પરમાત્મા છે.

જીવનનું સાર્થક્ય<br>
સર્જનમાં નહીં<br>
વિસર્જનમાં છે.

એ સ્રોતથી તને કદી
તૃપ્તિ મળવાની નથી,
જે તારી ભીતરમાંથી
નથી નીકળ્યો.

ત્યારે
તૂટી પડશે
આંસુઓનો બંધ
ને રડી પડાશે
હીબકાં ભરી ભરીને.

આવી રહ્યો છે
૧૦૦૮ મો જન્મદિન
એ રીતે સામેલ થઈએ
કે આપણા
દેદાર પલટાઈ જાય.

●●●

આર્ષ વિશ્વ
આચાર્ય કલ્યાણબોધિ

# આત્માની ઓળખાણ

## બ્રહ્મસૂત્ર

એક સિંહનું બચ્ચું...હજી તો તાજું જન્મેલું છે...ને કોઈ કારણસર એના માતા-પિતાથી વિખૂટું પડી ગયું. યોગાનુયોગ એ જ અરસામાં ત્યાં કોઈ ભરવાડ ઘેટા-બકરા ચરાવવા આવ્યો. સિંહનું બચ્ચું એ ટોળામાં સામેલ થઈ ગયું. ઘેટા-બકરા ચરે છે, તેમ એ ય ચરે છે. ઘેટા-બકરા જેવો અવાજ કરે છે, તેવો એ ય કરે છે. ઘેટા-બકરા નજીવા કારણમાં ગભરાઈને ડરે છે, તેમ એ ય ડરે છે. દિવસો વીતતા જાય છે. બચ્ચું મોટું થતું જાય છે...પણ સિંહના ખોળિયે ઘેટું જ...

એક દિવસ...એ જંગલમાં ચરતું હતું. એકાએક એની સામે એક સિંહ આવી ગયો. બચ્ચું વિસ્મિત આંખે જોઈ જ રહ્યું, એનું મન ચકિત બન્યું. આ ?...આ તો હું જ ... એક જ ક્ષણ..ને વર્ષોની ભૂલ છતી થઈ ગઈ. સિંહની આંખો એને કહી રહી છે, 'મૂર્ખ !' આ શું ઘેટા-બકરાની જેમ ચારો ચરે છે ? તું ઘેટું પણ નથી, ને બકરું પણ નથી, તું તો સિંહ છે સિંહ. તારે આ રીતે બેં બેં ન કરવાનું હોય...તારે તો ગર્જના કરવાની હોય. તારે આમ ઠેકડા ન મારવાના હોય...તારે તો છલાંગ લગાવવાની હોય. કેટલો નાદાન છે તું ! કે પોતાને જ ઓળખતો નથી, ને એટલે જ આવી લજ્જાસ્પદ સ્થિતિમાં જીવી રહ્યો છે. બહાર નીકળ આ ટોળામાંથી, ને ચાલ મારી સાથે. સિંહે એક જબરદસ્ત ગર્જના કરી, ને બચ્ચાનું મનોમંથન નિર્ણાયક સ્થિતિને આંબી ગયું. એણે ય પ્રયાસ કર્યો ને જંગલ એની ગર્જનાથી ગુંજી ઉઠ્યું. ઘેટા-બકરા ઠેકડા મારતા મારતા ગામ ભણી નાસી રહ્યા છે ને બચ્ચું...ના, બલ્કે સિંહ છલાંગ લગાવીને એના 'વનરાજ'-પદને આંબી રહ્યો છે, જેના પર એનો જન્મસિદ્ધ અધિકાર છે.

સિંહની વાત પૂરી થાય છે, ને આપણી વાત શરૂ થાય છે. એ બચ્ચું એટલે આપણે પોતે જ. 'હું શરીર છું.' આ આપણો ભ્રમ છે. 'હું મરી જઈશ.' આ આપણો ભ્રમજનિત ડર છે. તુચ્છ વિષયોમાં - મનમાન્યા સુખસાધનોમાં પ્રવૃત્તિ એ આપણી 'ચારો ચરવાની ચેષ્ટા' છે. વ્યર્થ વચનપ્રલાપ અને દુઃખના 'ગાણાં' ગાવાની

વૃત્તિ એ 'બેં બેં' છે. નજીવા હર્ષ-શોકમાં ચિત્તક્ષોભ એ 'ઠેકડા' છે. આ બધી જ વિડંબનાના મૂળમાં છે આત્માનું અજ્ઞાન. બચ્ચું ત્યાં સુધી જ 'બકરી' છે, જ્યાં સુધી તેણે પોતાના 'સિંહસ્વરૂપ'ને ઓળખ્યું નથી. આત્મા ત્યાં સુધી જ દુઃખી છે, જ્યાં સુધી એણે પોતાના 'બ્રહ્મસ્વરૂપ'ને ઓળખ્યું નથી. માટે જ સર્વ શાસ્ત્રો અને સર્વ ઉપદેશોનું તાત્પર્ય આત્માને આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવામાં જ રહેલું છે. બસ, એક વાર આત્મા એના બ્રહ્મસ્વરૂપને ઓળખી લે, પછી એનો ભ્રમ, ડર, ચારો, બેં બેં ને ઠેકડાં...બધું જ...છોડવું નહીં પડે...બલ્કે સહજ રીતે છૂટી જશે.

શ્રીબાદરાયણસૂત્રિત **બ્રહ્મસૂત્ર** આ જ તાત્પર્યથી બ્રહ્મસ્વરૂપનું દિગ્દર્શન કરી રહ્યું છે. **अथातो ब्रह्मजिज्ञासा ॥१॥** આ ઉપોદ્‌ઘાતથી શરૂ થતા આ સૂત્રમાં ખૂબ જ સંક્ષેપમાં ગંભીર અભિપ્રાય સાથે આત્માની ઓળખાણ કરાવવાનો પ્રયાસ કરાયો છે. 'હું કોણ ?' આ પ્રશ્નનો જવાબ જ્યાં સુધી ભ્રમાત્મક છે, ત્યાં સુધી દુઃખ છે. ભ્રમ છે, ત્યાં સુધી ભ્રમણ છે.

**બ્રહ્મસૂત્ર - શાંકરભાષ્ય**માં ભ્રમની સચોટ વ્યાખ્યા કરી છે. **अध्यासो नाम अतस्मिंस्तद्बुद्धिः ।** જે જે નથી, એને તે માનવું, એનું નામ ભ્રમ. 'હું' શરીર નથી, શરીરને 'હું' માનવું, એનું નામ ભ્રમ. આ ભ્રમમાંથી ચાર ભ્રાન્તિઓનો જન્મ થાય છે.

(૧) **બાહ્યધર્મોમાં આત્માધ્યાસ** - પુત્ર, પત્ની વગેરે સુખી કે દુઃખી હોય, તેનાથી હું સુખી કે દુઃખી છું, એવી ભ્રાન્તિ.

(૨) **દેહધર્મોમાં આત્માધ્યાસ** - શરીર જાડું / પાતળું / ગોરું / કાળું / રોગિષ્ટ હોય, તેનાથી હું જાડો / પાતળો / ગોરો / કાળો / રોગિષ્ટ છું, એવી ભ્રાન્તિ.

(૩) **ઇન્દ્રિયધર્મોમાં આત્માધ્યાસ** - ઇન્દ્રિયો વિકલ હોય, તેનાથી હું મૂંગો / કાણો / બહેરો છું, એવી ભ્રાન્તિ.

(૪) **ચિત્તધર્મોમાં આત્માધ્યાસ** - ચિત્તમાં કામના, હર્ષ, શોક વગેરે હોય, તેનાથી મને આ કામના, હર્ષ, શોક વગેરે છે, એવી ભ્રાન્તિ.

આત્માના સમસ્ત દુઃખોનું મૂળ ઉપરોક્ત ભ્રાન્તિઓમાં રહેલું છે. જ્યાં સુધી આ ભ્રાન્તિઓ અસ્તિત્વ ધરાવે છે, ત્યાં સુધી દુઃખવિનાશ શક્ય નથી. ને આ ભ્રાન્તિઓને દૂર કરવાનો એક માત્ર ઉપાય આત્મજ્ઞાન છે. માટે જ **ઉપનિષદો**નો ઉપદેશ છે -

**आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो**

**मन्तव्यो निदिध्यासितव्यः ॥ बृहदारण्यकोपनिषद् २-४-५॥**

કર્તવ્ય છે આત્મદર્શન...આત્મશ્રવણ....આત્મમનન અને આત્મનિદિધ્યાસન. શાસ્ત્રોક્ત જ્ઞાન અને એ જ્ઞાનને અનુરૂપ આચરણથી જ્યારે આત્મજ્ઞાન આત્મામાં પરિણતિ પામે છે, ત્યારે આત્માની અસ્મિતા પૂર્ણ પરિવર્તન પામે છે.

**विज्ञातब्रह्मतत्त्वस्य यथापूर्वं न संसृतिः ।**

દેહ હશે, ત્યાં સુધી આત્મજ્ઞાની પણ સંસારમાં જ હશે, પણ એ સંસાર પૂર્વસંસારથી તદ્દન વિપરીત હશે. પુત્રમૃત્યુનો આઘાત આપઘાત સુધી પરિણમે, એ અજ્ઞાનીની દશા છે...ને એવા સમયે માત્ર ઋણાનુબંધના પૂર્ણવિરામનું દર્શન થાય, એ આત્મજ્ઞાનીની દશા છે. દશ કરોડ રૂપિયાનું નુકશાન કાચી પળમાં હૃદયરોગનો હુમલો લાવે, એ અજ્ઞાનીની દશા છે...ને એવા સમયે 'ભલું થયું ભાંગી જંજાળ'ના ઉદ્ગારો સરી પડે, એ આત્મજ્ઞાનીની દશા છે. કેન્સરનું નિદાન જીવતાં જ મારી નાખે, એ અજ્ઞાનીની દશા છે, અને આખું શરીર કેન્સરના કીડાઓથી ખદબદી રહ્યું હોય, ત્યારે માત્ર સાક્ષીભાવે રોગનું નાટક જોવું એ આત્મજ્ઞાનીની દશા છે. **જ્ઞાનસાર**ના ટંકશાળી વચનો યાદ આવે છે-

**पश्यन्नेव परद्रव्य - नाटकं प्रतिपाटकम् ।**

**भवचक्रपुरस्थोऽपि, नामूढः परिखिद्यति ॥**

સંસારચક્ર એ એક એવું શહેર છે, જેની ગલીએ ગલીએ પરદ્રવ્યનું નાટક ચાલી રહ્યું છે. શરીર, સંપત્તિ, ઘર, પરિવાર.. આ બધું જ પરદ્રવ્ય છે. અજ્ઞાની એમાં ભળે છે - એમાં લેપાય છે - એને પોતાનું માને છે, ને પળે પળે દુઃખી થાય છે. જ્ઞાનીમાં સમ્યક્ સમજ છે. એ જાણે છે, કે આમાં કશું જ મારું નથી. આ તો માત્ર એક નાટક છે. કોઈ નાટક કલાકોનું હોય છે, તો કોઈ નાટક વર્ષોનું. પણ નાટક એટલે નાટક, પડદો પડશે ને એમાંનું કશું જ નહીં રહે. નહીં પ્રિય હોય, નહીં અપ્રિય હોય. તો પછી શેના માટે રાગ-દ્વેષ કરીને દુઃખી થવું ? એક સ્વપ્ન આંખો ખુલે ને પૂરું થાય છે...એક સ્વપ્ન આંખો મીંચાય ને પૂરું થાય છે...સ્વપ્ન તો સ્વપ્ન જ. ક્યાંક વાંચી હતી આ પંક્તિઓ -

**કોણ ? કોનું ? ને એ ય ક્યાં લગી ? ।**
**મુક સઘળી મમત, કોઈ તારું નથી. ॥**

આત્મજ્ઞાની હસતો પણ નથી, ને રડતો પણ નથી. કારણ કે એ ઘટનાઓ સાથે ભળતો નથી. નાટકને એ નાટક જ સમજે છે, ને સ્વપ્નને સ્વપ્ન જ. માટે એ માત્ર પ્રેક્ષક બની રહે છે. સર્વ દુઃખોનું કારણ છે અંતર્ભાવ અને પરમાનંદનું મૂળ છે સાક્ષીભાવ. **नित्यतृप्तः...विज्ञानमानन्दं ब्रह्म...**આ શ્રુતિનિર્દિષ્ટ બ્રહ્મસ્વરૂપ આત્માના સાક્ષીભાવને આભારી છે. **णिरुवमसुहसंगया...**આ આગમપ્રતિપાદિત સિદ્ધસ્વરૂપનો આધાર આ જ સાક્ષીભાવ છે. આ સાક્ષીભાવનો આધાર છે આત્મજ્ઞાન. **અધ્યાત્મસાર**માં કહ્યું છે -

**ज्ञाते ह्यात्मनि नो भूयो, ज्ञातव्यमवशिष्यते ।**
**अज्ञाते पुनरेतस्मिन्, ज्ञानमन्यन् निरर्थकम् ॥**

જેણે આત્મજ્ઞાનને પ્રાપ્ત કરી લીધું છે, તેણે બીજું કોઈ જ જ્ઞાન મેળવવાનું બાકી રહેતું નથી, અને જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત નથી કર્યું, તેનું બીજું બધું જ જ્ઞાન વ્યર્થ છે - ફોગટ છે. શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં મહાત્મા ગાંધીજીના શબ્દો અહીં સ્મર્તવ્ય છે - ગામની ગલીઓની ગતાગમ નથી અને ઇંગ્લેંડની નદીઓના નામો ગોખી ગયો છે. જ્યાં સુધી આત્માની ઓળખાણ નથી થઈ, ત્યાં સુધી બીજી બધી જ ઓળખાણો કલંકરૂપ છે. ને એક વાર આત્માની ઓળખાણ થઈ જાય, ત્યારે આત્મગુણોની નિરૂપમ સમૃદ્ધિમાં ઝુમતા આત્માને બીજી કોઈ જ ઓળખાણોમાં રસ રહેતો નથી. જે મારું નથી...જેનાથી મને કોઈ લાભ નથી...એ મારા માટે છે જ નહીં. **ब्रह्म सत्यं जगन् मिथ्या**- ની ભૂમિકા કેવી દિવ્ય છે ! કોઈ ચિંતકે ખરું જ કહ્યું છે -

**સાચે નાહી જ નાખ્યું છે મેં એના નામનું ।**
**મારું નથી જે સ્વર્ગ, એ મારે શા કામનું ? ॥**

**બ્રહ્મસૂત્ર**ના આ આશયને **શાંકરભાષ્ય** સતત અનુસરે છે. શ્રુતિઓ ને સ્મૃતિઓના અર્કને પ્રસ્તુત કરે છે અને ફરી ફરીને આત્માને આત્મજ્ઞાન માટે પ્રોત્સાહિત કરે છે. **य आत्माऽपहतपाप्मा सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः** - તારી બીજી બધી જ શોધોને અભરાઈએ ચડાવી દે, ને એક માત્ર તારા નિષ્પાપ આત્માની શોધમાં લાગી જા. બીજા બધાં જ અભ્યાસ અને ભણતરને ગૌણ કરીને તું

આત્મજિજ્ઞાસા કરી લે અને આત્મજ્ઞાનને મેળવવાના પ્રયત્નમાં લાગી જા. **आत्मेत्येवोपासीत** - શરીર, સંપત્તિ, સત્તા...આ બધા ઉપાસ્ય નથી. ઉપાસ્ય છે માત્ર તારો આત્મા. પરોપકાર, સદાચાર, દાન, દયા આ બધા જ આત્મોપાસનાના સાધનો છે. **आत्मानमेव लोकमुपासीत ।** તારા જીવનનું સાર્થક્ય અને સાફલ્ય એમાં જ છે, કે તું તારા આત્માની ઉપાસના કરી લે, તારા સમય, બુદ્ધિ, શક્તિ, સામગ્રીનો આથી શ્રેષ્ઠ બીજો કોઈ જ ઉપયોગ નથી.

સિંહે તો બધો જ પર્દાફાશ કર્યો છે...હવે આપણે 'બેં બેં' કરવું કે ગર્જના કરવી, એ આપણા હાથની વાત છે. ભ્રમમાં બંધાવું કે મુક્ત થવું, એ આપણને સ્વાધીન વાત છે. નશ્વર - ક્ષણિક-તુચ્છ વિષયોનો ચારો ચરવો કે આત્મરમણતાના અદ્ભુત આનંદના આસામી થવું, એ આપણી રુચિની બાબત છે. 'ઠેકડા' ને 'ઠેસ'ના ભોગ બનવા માટે કે પરમસુખના શિખરે ઉર્ધ્વારોહણ કરવા માટે આપણે સ્વતંત્ર છીએ. સંસાર એક ભરવાડની અદાથી આપણને હાંકે તેમ ઢસડાયા કરવું ? કે આત્મજ્ઞાન અને આત્મહિતાનુષ્ઠાનના માધ્યમે આત્મસામ્રાજ્યના સમ્રાટ થવાનો આપણો જન્મસિદ્ધ અધિકાર મેળવી લેવો ?

સિંહની ગર્જના થઈ ચૂકી. હવે વારો બચ્ચાનો છે.

●●●

# વિષવિઘાત

## શબ્દ અને વિચારની જાદુઈ અસર

### શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર

છાતી ફાટી જાય એવી ચીસ સાથે એ વૃદ્ધા ઢળી પડી. આગંતુકો સ્તબ્ધ થઈ ગયાં. વાતાવરણ દિઙ્મૂઢ બની ગયું. હાથ-પંખાનો પવન અને શીતળ જળનું સિંચન...થોડી વાર પછી એ વૃદ્ધા ભાનમાં આવી અને એ નિશ્ચેષ્ટ દેહને વળગી પડી, જેને આગંતુકો લઈ આવ્યા હતાં. એ હતો એનો એકનો એક પુત્ર-લીલોછમ છે એનો દેહ...ખ્યાલ આવી ગયો છે વૃદ્ધાને કે વગડામાં એને કોઈ સાપ કરડી ગયો છે. પથ્થર હૃદયને ય પીગળી દે એવો એ કલ્પાંત..બેટા હંસ ! આંખો ખોલ ! આંખો ખોલ બેટા હંસ ! એક વાર આંખો ખોલ...નહીં તો આ તારી માની આંખો મીંચાઈ જશે...

'તમે જરા બાજુમાં આવી જાવ. જુઓ આ વૈદરાજ આવી ગયા છે. હમણા બધું સારું થઈ જશે.' પડોશીના શબ્દે વૃદ્ધા ખસી ગઈ. એની આંખોની આશા જાણે સાત મિનાર ઊંચી થઈ થઈને ચેતનાના આગમનને ઝંખી રહી છે. પણ કા...શ વૈદરાજના નીસાસાએ એ આશાને નિરાશા બનાવી દીધી. વાતાવરણની ગંભીરતા વધતી જાય છે. વૈદરાજ ફળિયાની બહાર નીકળે, એ પહેલા તો ગારુડીઓ પણ આવી ગયા. તમ-તમારે કોઈ ચિંતા ન કરો, આ મંત્ર બોલીએ એટલી જ વાર, હમણા ઝેર ઉતર્યું જ સમજો. આખી પોળ ક્યાંય સુધી મંત્રોચ્ચારોથી ગુંજતી રહી. વૃદ્ધાની આંખોમાં આશાની ચમક ઓસરી રહી છે. પુત્રનો દેહ એવો ને એવો...નિશ્ચેષ્ટ પડ્યો છે. ને ગારુડીઓના અવાજ પણ ધીરા થઈ રહ્યા છે. 'થોડું વહેલું કર્યું હોત તો જાન બચી જાત. જીવ જતો રહ્યો પછી શું થાય ?' ગારુડીઓએ વિદાય લીધી. અંધારું વધી રહ્યું છે. લોકો વીખરાઈ રહ્યા છે. 'સવારે વહેલા કાઢી જઈશું' એવી ગણગણ થઈ રહી છે. પણ વૃદ્ધા...એને હજી ય આશા છે. એટલે જ તો એ જીવી રહી છે.

આખી રાત એનો વહાલ વરસાવતો હાથ પુત્રના માથે ફરતો રહ્યો અને

એના કાનમાં એ બોલતી રહી...બેટા હંસ !...બેટા હંસ ! હંસ બેટા !...ને સવારે...દીકરાએ આંખ ખોલી...એક બાજુ સૂર્યોદય થઈ રહ્યો છે...ને વૃદ્ધાનો આનંદ હિલોળે ચડ્યો છે. ગામ તો ભેગું થયું. ગારુડીઓ પણ દોડતા આવ્યા. જોયું તો શરીરમાં ઝેરનું નામોનિશાન નથી. 'આશ્ચર્ય...માજી ! તમે શું કર્યું હતું ?' 'કશું નહીં. હું તો ફક્ત એને બોલાવતી રહી હતી.' 'અચ્છા....શું નામ છે એનું ?' 'હંસ.'

**अये गारुडमन्त्रबीजाक्षरमिदं तेनासौ सज्जो जातः ।**

તાળો મળી ગયો...આ જ તો ગારુડમંત્રની બીજાક્ષર છે, એટલે એનાથી ઝેર ઉતરી ગયું.

શબ્દમાં અકલ્પિત શક્તિના ભંડારો પડેલા છે. એક એક અક્ષરની પોતાની આગવી વિશિષ્ટતા અને સામર્થ્ય છે. જેમ કે કડકડતી ઠંડીના સમયે બર્ફીલા પહાડોની વચ્ચે ખુલ્લા મેદાનમાં મધરાતે અમુક ચોક્કસ પદ્ધતિથી 'ર'નું ધ્યાન અને રટણ કરવામાં આવે, તો પરસેવો છૂટી જાય. કારણ કે 'ર' એ અગ્નિબીજ છે. પ્રાચીન શાસ્ત્રોમાં પ્રત્યેક અક્ષરને 'સિદ્ધમાતૃકા' તરીકે કહેવાયા છે. શબ્દશક્તિ પર આજે પણ અનેક પ્રકારના સંશોધનો થઈ રહ્યા છે. અને તેમાં ઓછી-વત્તી સફળતા પણ મળી રહી છે.

પણ આપણા ઋષિ-મુનિઓ માત્ર આટલેથી અટક્યા નથી. શબ્દથી પણ પર છે અશબ્દ, શબ્દના માધ્યમથી અશબ્દમાં જવાનું છે. અશબ્દ એટલે વિચાર.. અધ્યવસાય...ભાવ. જેમાં પ્રગટ ઉચ્ચાર નથી, પણ ભીતરમાં શબ્દમય સંવેદના છે. જેને અંતર્જલ્પ કહેવામાં આવે છે. તંત્રજગતમાં શબ્દ અને અશબ્દની અજબ-ગજબ શક્તિનો દુરુપયોગ પણ કરવામાં આવ્યો છે. પણ આપણા ઋષિ-મુનિઓએ આ શક્તિનો આત્મકલ્યાણ માટે વિનિયોગ કરીને તેનો ઉત્કૃષ્ટ સદુપયોગ કર્યો છે. જેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે **શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્ર.**

આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન શ્રીમહાવીરસ્વામીના પાંચમા શિષ્ય શ્રીસુધર્માસ્વામીએ આ સૂત્રની રચના કરી હતી. પ્રાકૃતમાં 'ગાથા' છંદમાં રચાયેલ આ સૂત્રમાં ૫૦ ગાથાઓ છે. સદ્ભાગ્યથી આજે...૨૫૦૦ વર્ષ બાદ પણ આ સૂત્ર અખંડપણે એના મૂળ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. આ સૂત્રના રહસ્યોને પ્રગટ કરવા માટે એના પર જુદી જુદી બાર જેટલી સંસ્કૃત ટીકાઓ ઉપલબ્ધ છે, તો જુદી

જુદી લોકભાષાઓમાં તેના અનુવાદો અને વિવરણો પણ વિદ્યમાન છે.

એક તાંત્રિક શબ્દશક્તિ અને વિચારશક્તિ દ્વારા કોઈનું કાંઈ બગાડવા કે સુધારવા પ્રાયસ કરે, તેનું ફળ ટૂંકા સમયનું હોઈ શકે છે. કોઈ ચિકિત્સક ધ્વનિચિકિત્સા, સંગીતચિકિત્સા અને રેકી જેવી પદ્ધતિ દ્વારા ધ્વનિશક્તિ અને વિચારશક્તિનો ઉપયોગ કોઈના રોગ મટાડવામાં કરે, તેનું ફળ થોડા લાંબા સમયનું હોઈ શકે છે. આ જ શક્તિઓ દ્વારા ફળ-શાકભાજીઓના ઉત્પાદનમાં ચમત્કારિક પરિણામો મેળવવાના પ્રયોગો થાય છે, તે પણ ઓછા-વત્તા અંશે સફળ થઈ શકે છે. પણ આ બધું જ કિનારે કરેલા છબછબિયા જેવું છે. આપણા પૂર્વમહર્ષિઓ છેક મઝધારે ગયાં છે, એટલું જ નહીં, સાગરના તળ સુધી પહોંચ્યા છે. તેમણે જીવન અને જન્મોજનમનો વિચાર કર્યો છે.

વિજ્ઞાનીઓ રોગની દવા શોધે છે. એ દવાના વધુ સારા વિકલ્પો શોધે છે. એ દવાની આડ-અસરો કેમ ઓછી થાય, એનું સંશોધન કરે છે. અને એક જગજાહેર વાત છે, કે વિજ્ઞાનની પ્રગતિ સાથે સાથે રોગોની વસતિમાં ભયજનક વધારો થતો રહ્યો છે. આની સામે ઋષિ-મુનિઓ કોઈ પણ દુઃખના મૂળ સુધી ગયા છે. રોગ આવ્યો ક્યાંથી ? વિજ્ઞાની કહેશે, સિઝન, પ્રદૂષણ, બેક્ટેરિયા કે વાયરલ ઈફેક્ટથી...ના, આ મૂળ નથી. જે કારણ સાર્વત્રિક હોય, તેનું પરિણામ પણ સાર્વત્રિક હોવું જોઈએ. બધા એ જ સિઝનમાં રહ્યા છે, તો બધાને રોગ કેમ ન થયો ? એક દેશ - એક જ શહેર - એક જ ઘરમાં રહેતા એક જ માતા-પિતાના પુત્રો ને એ પણ જોડિયાં ભાઈઓ...એક સરખા વાતાવરણમાં એક સરખા ખોરાક-પાણીનો ઉપયોગ કરી રહ્યા છે. તેમાંથી એકને જ કેન્સર કેમ થયું ? વિજ્ઞાન હજી પણ માથું ખંજવાળી રહ્યું છે. અને ઋષિ-મુનિઓ પાસે એનો જવાબ અનાદિસિદ્ધરૂપે વિદ્યમાન છે -

**दुःखं पापात् ।**

દુનિયાનું કોઈ પણ દુઃખ પાપથી આવે છે. સર્વ દુઃખનું મૂળ છે પાપ. અંતર્ગત પાપ જ બાહ્ય નિમિત્તોના માધ્યમે જીવને દુઃખી કરે છે. બાહ્ય નિમિત્ત અકસ્માત્ હોઈ શકે, હત્યા હોઈ શકે, રોગજનક વાતાવરણ, કીટાણુ વગેરે હોઈ શકે, વેપારમાં નુકશાની હોઈ શકે, પણ આ બધું મૂળ નથી, માધ્યમ છે. જ્યાં સુધી મૂળ દૂર નહીં થાય, ત્યાં સુધી દુઃખોનો અંત નહીં આવે. દુઃખોનો અંત કરવાનો ઉપાય આ જ છે કે જીવ નવા પાપો કરવાનું છોડી દે અને આ જન્મમાં ને પૂર્વજન્મમાં કરેલા પાપોનો વિનાશ કરે.

**શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર** શબ્દશક્તિ અને વિચારશક્તિ દ્વારા પૂર્વકૃત પાપોનો વિનાશ કરવા માટે એક અદ્ભુત આલંબન છે. શ્રાદ્ધનો અર્થ છે એ વ્યક્તિ, જેને જીવ, અજીવ, પુણ્ય, પાપ વગેરે તત્ત્વો પર દૃઢ શ્રદ્ધા છે...પૂર્ણ વિશ્વાસ છે. આધુનિક વિજ્ઞાનીઓ પણ જ્યારે પૂર્વજન્મ અને પુનર્જન્મ પર શ્રદ્ધા ધરાવી રહ્યા છે, ત્યારે બુદ્ધિજીવીઓ માટે પણ 'શ્રાદ્ધ' બનવું કઠિન નથી. 'પ્રતિક્રમણ'નો અર્થ છે પાછા ફરવું.

**स्वस्थानाद्यत् परस्थानं, प्रमादस्य वशाद् गतः ।**

**भूयोऽप्यागमनं तत्र, प्रतिक्रमणमुच्यते ॥**

નિષ્પાપવૃત્તિ એ જીવનું પોતાનું સ્થાન છે. તે સ્થાનને છોડીને વિષયતૃષ્ણા વગેરેને કારણે જીવ પાપપ્રવૃત્તિ કરે, અને પરસ્થાનમાં જાય છે. આ પરસ્થાનથી જીવ સ્વસ્થાનમાં પાછો આવે, એનું નામ પ્રતિક્રમણ.

પાપોનો વિનાશ કરવા માટે ચાર સોપાન (સ્ટેપ્સ) છે. (૧) પાપોનો તીવ્ર પશ્ચાત્તાપ (૨) સદ્ગુરુ સમક્ષ પાપોની કબૂલાત (૩) પાપોની નિંદા (૪) પ્રાયશ્ચિત્તનો સ્વીકાર. અધ્યાત્મવિશ્વનો આ શાશ્વત સિદ્ધાન્ત છે કે દોષ અને ગુણ આ બંનેમાંથી તમે જેને ધિક્કારશો, એ તમારામાંથી દૂર થશે, અને જેને ચાહશો, એ તમને મળશે. પાપ એ આત્મગત દોષનો વિકાર છે. **શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર** પાપનું ઉન્મૂલન કરે છે, ને માટે જ દુઃખોનું ઉન્મૂલન કરે છે.

**कयपावो वि मणुस्सो, आलोईयनिंदिओ गुरुसगासे ।**

**होइ अइरेगलहुओ, ओहरियभरु व्व भारवहो ॥**

પાપી મનુષ્ય પણ ગુરુ પાસે પાપોની કબૂલાત અને પાપોની નિંદા કરીને અત્યંત હળવો થઈ જાય છે, જાણે કોઈ ભારવાહકે પોતાના માથા પરનો બોજો ઉતારી દીધો હોય. **શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર**માં ક્રમશઃ હિંસા, અસત્ય, ચોરી વગેરે પાપોનો ઉલ્લેખ આવતો જાય છે, અને पडिक्कमे...निंदे...तं निंदे तं च गरिहामि...જેવા શબ્દો દ્વારા એ પાપોથી 'પ્રતિક્રમણ' કરવામાં આવે છે. પાપો પ્રત્યેનો પક્ષપાત ફરી ફરી પાપપ્રવૃત્તિ કરાવે છે અને જીવ દુઃખોના વિષચક્રમાંથી મુક્ત થઈ શકતો નથી. 'પ્રતિક્રમણ' અને 'નિંદા' આ પક્ષપાતને તોડી નાખે છે. પક્ષપાત તૂટી જવાથી જીવને પાપમાં રસ રહેતો નથી. કદાચ સંયોગવશ એને કોઈ પાપ કરવું પડે, તો ય એનું દિલ ડંખે છે, અને એ પાપ ખટકે છે, એ ઓછામાં ઓછું પાપ કરવા પ્રયત્ન કરે છે,

એ પાપને એ ખૂબ ધિક્કારે છે. પરિણામે એ પાપ એને વિશિષ્ટ ફળ આપી શકતું નથી. જેને પાપમાં મજા નહીં, એને પાપની સજા નહીં.

**જેને પાપમાં મજા નહીં,**
**એને પાપની સજા નહીં.**

શરત એટલી જ...પાપ પ્રત્યે તેનો ધિક્કારભાવ હાર્દિક હોવો જોઈએ. જે સ્વરસથી પાપ કરે, તેની પાપનિંદા પણ દંભ બની જાય છે...निन्दामि च पिबामि च...આ ઘાટ ઘડાય છે.

જે 'શ્રાદ્ધ' છે, તેનું અંતર આ સૂત્ર બોલતા બોલતા ગદ્ગદ્ થઈ જાય છે, અને આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગે છે. આ છે શબ્દશક્તિ અને વિચારશક્તિનો સુભગ સમાગમ, જે આત્મગત પાપોને ભસ્મીભૂત કરી દે છે. શક્ય છે છ મહિનાની અંદર જે પાપ કેન્સરની ત્રણ ગાંઠો લાવવાનું હોય, એ પાપ આ સુભગ સમાગમમાં....પશ્ચાત્તાપની ગંગામાં ધોવાઈને સાફ થઈ જાય...અકસ્માત્ આદિની શક્યતાઓ નાબૂદ થઈ જાય. અરે, આ તો ભવિષ્યનું ફળ છે...હળવાશ, પ્રસન્નતા, 'સ્વસ્થાન'ની શાંતિ જેવા અનેક ફળો તો તાત્કાલિક મળે છે. **હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે, પાપી તેમાં ડુબકી દઈને પુણ્યશાળી બને છે.**

**શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર**ની પૂર્વભૂમિકા અને પાશ્ચાત્યક્રિયા બંને મળીને કુલ એક કલાકનું આ પાવન અનુષ્ઠાન હોય છે. આજે પણ સેંકડો હજારો શ્રાદ્ધજનો સવારે અને સાંજે આ અનુષ્ઠાનનું આચરણ કરે છે. પર્વના દિવસોમાં આ સંખ્યા લાખોને આંબે છે.

**અધ્યાત્મ વિશ્વનો આ શાશ્વત સિદ્ધાન્ત છે - ગુણ અને દોષ - આ બંનેમાંથી જેને ધિક્કારશો, એ દૂર થશે, જેને ચાહશો એ મળશે.**

પાપવિનાશનો આ રાજમાર્ગ જ વ્યક્તિગત અને સમષ્ટિગત સુખનું કારણ છે. પાપ માત્ર આધ્યાત્મિક દષ્ટિએ જ નહીં, પણ સામાજિક અને રાજકીય દષ્ટિએ પણ ઈચ્છનીય નથી. માટે જ સામાજિક અને રાજકીય કાયદાઓ પૂર્વકાળથી જ પાપો ન થાય એવી જોગવાઈ કરતાં આવ્યા છે. પણ વિચારણીય મુદ્દો એ છે, કે એ કાયદાઓ પાપનિવારણમાં કેટલા સફળ થઈ શક્યા છે ? જાતીય સતામણી માટે મૃત્યુદંડ સુધીની જોગવાઈ થવા છતાં એ પાપમાં કોઈ ઘટાડો કેમ થતો

નથી ? દિન-પ્રતિદિન ભ્રષ્ટાચાર ને ચોરીઓ વધતી કેમ જાય છે ? ધારો કે એક દિવસ એવો ઠેરવવામાં આવે, કે એ દિવસે કરેલા કોઈ પણ અપરાધ માટે કોઈ પણ દંડ નહીં, તો એ દિવસે શું થાય ? (સોરી, શું ન થાય ?) આત્મસાક્ષિક સ્વૈચ્છિક સજ્જનતાનું સમાજમાં સ્થાન કેટલું ? ગમે તેટલા પ્રલોભનો અને સ્વતંત્રતા હોવા છતાં વ્યક્તિને પાપ કરવાનો વિચાર સુદ્ધા ન આવે એ શી રીતે શક્ય બને ? જવાબ આ જ છે— પ્રતિક્રમણ. દુનિયાભરના કાયદાશાસ્ત્રીઓ અને દંડવ્યવસ્થા એક બાજુ છે, અને બીજી બાજુ મહર્ષિઓએ દેખાડેલો આ પાવન માર્ગ છે.

**राजदण्डभयात् पापं, नाचरत्यधमः पुनः ।**

**परलोकभयान् मध्यः, स्वभावादेव चोत्तमः ॥**

અધમ વ્યક્તિ વિચારે છે, કે 'જો હું પાપ કરીશ, તો મને રાજા (સરકારી અધિકારી, પોલિસ વગેરે) દંડ આપશે.' ને આ વિચારથી એ પાપની અટકે છે. મધ્ય વ્યક્તિ વિચારે છે, કે પાપ કરીશ, તો પરલોકમાં મારે દુઃખી થવું પડશે. માટે એ પાપ નથી કરતી. અને ઉત્તમ વ્યક્તિ દંડના / દુઃખના ભયથી નહીં, પણ સ્વભાવથી જ પાપ નથી કરતી. ધારાસભા અને ન્યાયતંત્ર જો સમાજને અપરાધમુક્ત કરવા માંગતા હોય, તો તેમણે સમાજ અધમદશામાંથી મધ્યમદશા અને ઉત્તમદશા પામે એવા પ્રયત્ન કરવા જોઈએ. સજ્જનતા, પાપત્યાગ, સંસ્કાર અને સંસ્કૃતિના મૂળભૂત સિદ્ધાન્તો જે આપણા પ્રાચીન શાસ્ત્રોમાં રહેલા છે, તેનું શિક્ષણ નર્સરીથી માંડીને કોલેજ સુધી ગોઠવી દેવું જોઈએ. વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં આ અત્યંત ઉપયોગી જ્ઞાનની અવગણના દેખાઈ રહી છે. આ સ્થિતિમાં ભલે ગમે તેટલા ઉચ્ચ દંડની જોગવાઈ કરવામાં આવે, અપરાધો ઓછા થાય એવી કોઈ જ શક્યતા નથી. એક ડૉક્ટર જો કિડનીની ચોરી કરે છે ને એક વકીલ જો પોતે મેળવેલા શિક્ષણનો ભયાનક દુરુપયોગ કરે છે, તો એ કલંક માત્ર એ ડૉક્ટર કે વકીલનું નથી, સમગ્ર શિક્ષણવ્યવસ્થાનું છે. વાવેતર જ જો વિષવૃક્ષનું કર્યું છે, તો અમૃતફળની આશા શી રીતે રાખી શકાય ?

પ્રતિક્રમણવિજ્ઞાન એ સુધાવૃક્ષનું વાવેતર છે, જે સર્વ વિષવિકારોને દૂર કરીને પરમ સુખ આપે છે. **શ્રીસુધર્માસ્વામી**ના શબ્દો મનનીય છે -

**जहा विसं कुट्ठगयं, मंतमूलविसारया ।**

**विज्जा हणंति मंतेहिं, तो तं हवइ निव्विसं ॥**

**एवं अट्ठविहं कम्मं, रागदोससमज्जियं ।**
**आलोअंतो य निंदंतो, खिप्पं हणइ सुसावओ ॥**

**આત્મઘાતક આતંકવાદી જેવી આપણી દયનીય સ્થિતિ છે. વિસ્ફોટ નથી થયો, ત્યાં સુધી બાજી આપણા હાથમાં છે.**

ગારુડમંત્રથી જેમ શરીરનું વિષ નાશ પામે છે, તેમ પ્રતિક્રમણથી આત્માનું વિષ (પાપો) નાશ પામે છે. આત્માનું વિષ જ બાહ્ય બધાં જ વિષોને (દુઃખોને) ખેંચી લાવે છે. આ અંતર્ગત વિષ એ ટાઈમબોંબ જેવું છે. આત્મઘાતક આતંકવાદી જેવી આપણી દયનીય સ્થિતિ છે. વિસ્ફોટ નથી થયો, ત્યાં સુધી આપણી બાજી આપણા હાથમાં છે. પાપોના સંયોગ (કનેક્શન) દૂર કરી દઈએ, તો રાજ, ને નહીં તો તારાજ. પસંદ આપણી.

●●●

# સુધાનું સર્વસ્વ

## અમૃતબિંદૂપનિષદ્

પર્વતીય પ્રદેશ...ખળખળ વહેતા ઝરણા....કલરવ કરતાં પંખીઓ...રમણીય પરિસર અને પ્રભાતનો સમય...એક વૃક્ષની નીચે એક સંત ધ્યાનમગ્ન છે. મુખ પર પ્રશાન્તતા પણ છલકી રહી છે અને પ્રસન્નતા પણ. બહારની રમણીયતાને ક્યાંય શરમાવે, એવી પરમ રમણીય આંતરસૃષ્ટિમાં વિચરી રહ્યા છે એ સંત, બહારના ઝરણાઓને ઝંખા પાડી રહ્યા છે એમના અંતરમાંથી ફૂટી નીકળતા સ્વયંભૂ સુખના ઝરણા, કશું જ નથી એમની પાસે, ને છતાં ય દુનિયાના બેતાજ બાદશાહ છે એ. **ઉપનિષદો**એ અમસ્તુ નથી કહ્યું.

**तेन त्यक्तेन भुञ्जीथाः ।**

ભોગનો એક માત્ર ઉપાય છે ત્યાગ. ભોગી મૃગતૃષ્ણાના મૃગની જેમ જીવનભર ભટકતો જ રહે છે, અને ભીતરના સુખથી વંચિત રહે છે. ત્યાગી સમજે છે, કે એ જળ નથી, ઝાંઝવા છે. ત્યાગી ભીતરી સ્રોત તરફ વળે છે અને એ સુધારસમાં નિમગ્ન બનીને પરમ તૃપ્તિનો અનુભવ કરે છે. તૃપ્તિનું એકછત્રી સામ્રાજ્ય સંતની અસ્મિતા બન્યું છે, એ સમયે કોઈ જિજ્ઞાસુ ત્યાં આવી ચઢે છે. એ ચરણસ્પર્શ કરે છે અને સંત આંખો ખોલે છે. તેજ અને કૃપાના ધોધથી જિજ્ઞાસુ આપ્લાવિત થઈ જાય છે...**यस्य दृष्टिः कृपावृष्टिः....**

**ભોગનો એકમાત્ર ઉપાય છે ત્યાગ**

થોડી ક્ષણો એમ જ વીતી જાય છે અને હવે જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે. “ભગવંત ! બંધનનું કારણ શું છે ?” સંતે જવાબ આપ્યો, “મન.” જિજ્ઞાસુ વિસ્મિત થયો. એણે બીજો પ્રશ્ન કર્યો, “મુક્તિનું કારણ શું છે ?” સંતે કહ્યું. “મન.” જિજ્ઞાસુનો વિસ્મય અનેકગણો બન્યો. એણે ખુલાસો કરવા વિનંતિ કરી, અને સંતના હોઠ ફરક્યા.

**मन एव मनुष्याणां, कारणं बन्धमोक्षयोः ।**

**बन्धाय विषयाऽऽसक्तं, मुक्त्यै निर्विषयं स्मृतम् ॥**

મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ મન જ છે. વિષયોમાં આસક્ત મન બંધનનું કારણ બને છે અને વિષયોથી વિરક્ત મન મોક્ષનું કારણ બને છે. સૃષ્ટિનું આ પરમ રહસ્ય છે, જેને **અમૃતબિંદૂપનિષદ્**માં પીરસવામાં આવ્યું છે. આ ઉપનિષદ્નું બીજું નામ **બ્રહ્મબિંદૂપનિષદ્** પણ છે. **કૃષ્ણ યજુર્વેદ**થી સંબંધિત આ ઉપનિષદ્ની રચના અજ્ઞાત પૂર્વ મહર્ષિએ કરી છે. પ્રાસાદિક સંસ્કૃતમાં 'અનુષ્ટુપ્' છંદમાં ૨૫ શ્લોક પ્રમાણ આ ગ્રંથમાં પ્રકૃતિના ગૂઢ રહસ્યોને વણી લેવામાં આવ્યા છે.

**ભાવવિશ્વમાં જો રાગ-દ્વેષના તોફાનો છે, તો બાહ્યવિશ્વમાં શાંતિ સંભવિત જ નથી.**

મન એક ભાવવિશ્વ છે. બાહ્યવિશ્વની પ્રત્યેક ઘટનાનો સંબંધ આ ભાવવિશ્વ સાથે હોય છે. ભાવવિશ્વમાં જો રાગ-દ્વેષના તોફાન છે, તો બાહ્યવિશ્વમાં શાંતિ સંભવિત જ નથી. અને જ્યાં શાંતિ નથી, ત્યાં બંધન છે. અધ્યાત્મદૃષ્ટિ ઘણી સૂક્ષ્મ છે. એક વસ્તુની ચોરી કરવી એ જેમ પાપ છે, તેમ અધ્યાત્મદૃષ્ટિએ એક વસ્તુ ગમી જવી એ પણ પાપ છે. કારણ કે ચોરીના મૂળમાં પણ 'ગમવા'ની વૃત્તિ હોય છે. ચોર 'બંધન' પામે છે, તેના મૂળમાં તેના ભાવવિશ્વના રાગ-દ્વેષના તોફાન હોય છે. ને આ તોફાનનો આધાર તેનું મન છે...**बन्धाय विषयासक्तम्**...વિષયાસક્ત મન એટલે બંધનનું નિમંત્રણ, ચોરી પણ સૂક્ષ્મ હોઈ શકે છે. અને બંધન પણ સૂક્ષ્મ હોઈ શકે છે. જે વસ્તુ ગમી, એના આપણે ગુલામ થયાં. એ પાસે છે તો આપણે ખુશ, એ પાસે નથી તો આપણે નાખુશ. આપણી લગામ ને આપણું રિમોટ એના હાથમાં. કોઈ એને લઈ ન લે એનો ભય છે. એ તૂટી-ફૂટી ન જાય એનો ગભરાટ છે. એ જતી ન રહે એની ચિંતા છે...**प्राप्तिः सुखस्य दयिते न कथञ्चिदस्ति ।** આ બંધન નહીં, તો બીજું શું છે ? આપણે કબૂલીએ કે ન કબૂલીએ...ગમા-અણગમાની સાથે સાથે ભય, ગભરાટ, ચિંતા, તૃષ્ણા વગેરેની વણઝાર અવશ્ય હોય છે. વસ્તુની વિદાયમાં જે શોકનો વિસ્ફોટ થાય છે, એ જ આ વાતને પુરવાર કરે છે. અજ્ઞાનીને જે વસ્તુ કે વ્યક્તિ પાસે એના સુખની આશા છે, એ જ એને વાસ્તવમાં દુઃખ આપતી હોય છે.

**આપણને જે ગમે છે, એના આપણે ગુલામ છીએ.**

**सम्बन्धानात्मनो जन्तुर्यावतः कुरुते प्रियान् ।**

**तावन्तस्तस्य जायन्ते हृदये शोकशङ्कवः ॥**

જીવ જેટલા જેટલા પ્રિયસંબંધો કરે છે, તેટલા તેટલા શોકના શલ્યો એના હૃદયને વીંધે છે. મોક્ષના પરમ સુખનો આ જ માર્ગ છે, કે મન વિષયોથી વિરક્ત બની જાય. જનક રાજાએ અષ્ટાવક્ર મુનિને મોક્ષમાર્ગ બતાવવા વિનંતિ કરી. ત્યારે તેમણે આ જ માર્ગદર્શન આપ્યું હતું. જે આજે પણ **અષ્ટાવક્ર મહાગીતા**માં કંડારાયેલું છે.

**વાસ્તવમાં એ જ દુઃખ આપે છે, જેની પાસે સુખની આશા છે.**

**मुक्तिमिच्छसि चेत् तात ! विषयान् विषवत्त्यज ।**

જો મુક્તિ જોઈતી હોય, તો વિષયોને વિષ સમજી લે અને તેમનો ત્યાગ કર. સુંવાળા સ્પર્શો, ભાવતા ભોજનો, માદક સુગંધ, મોહક રૂપ, અને લોભામણા ગીત-સંગીત - આ બધાં વિષયો છે. અજ્ઞાનીને એ અમૃત લાગે છે, જ્ઞાનીની દૃષ્ટિમાં એ હળાહળ ઝેર છે. સંસારના તમામ પાપો અને અપરાધોના મૂળમાં આ વિષયોની આસક્તિ છે અને સમસ્ત દુઃખોનું મૂળ પણ આ જ છે. **આગમ**માં કહ્યું છે.

**जे गुणे से आवट्टे**

વિષયો જ દુઃખમય સંસારનો પર્યાય છે. 'જળ'ને એટલા માટે જ 'જીવન' કહેવાય છે, કે જળ વિના જીવન સંભવિત નથી. વિષયોને એટલા માટે જ દુઃખમય સંસાર છે. **અનુભૂતિગીતા**ના શબ્દો યાદ આવે છે.

**મુક્તિ મુક્તિ શું કરો ? કરો વિષય પરિહાર ।**
**વિષયમુક્તિ મુક્તિ છે, વિષય છે સંસાર ॥**

**અજ્ઞાનીને જે અમૃત લાગે છે, એ જ્ઞાનીની દૃષ્ટિમાં હળાહળ ઝેર છે.**

મોક્ષ 'મુક્તિ મુક્તિ'નું રટણ કરવાથી નથી મળતો. વિષયત્યાગ કરવાથી મળે છે. તું તારા આત્માને વિષયોથી મુક્ત કરી દે, એ જ તારી મુક્તિ છે, કારણ કે સંસાર એ બીજું કશું જ નથી, સિવાય વિષયો.

અમૃતબિંદુ વધુ ને વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે. **बन्धाय विषयासक्तम्...**

રાવણનું પતન થયું, ઘોર પરાજય થયો, કરુણ મૃત્યુ થયું, અને ભયાનક દુર્ગતિ થઈ, એનું કારણ વિષયાસક્તિ સિવાય બીજું શું હતું ? રાવણની વિષયાસક્તિએ જ અનર્થોની પરંપરાનું સર્જન કર્યું હતું. **ભગવદ્ગીતા**માં આ પરંપરાનું ક્રમબદ્ધ વર્ણન કરેલ છે -

**ध्यायतो विषयान् पुंसः, सङ्गस्तेषूपजायते ।**

**सङ्गात् सञ्जायते कामः, कामात् क्रोधोऽभिजायते ॥**

**વિશ્વમાં પ્રત્યેક આત્માની પોતાની રામાયણ હોય છે.**
**જેમાં રાવણ થવું કે રામ એ એના હાથની વાત છે.**

**क्रोधाद् भवति सम्मोहः, सम्मोहात् स्मृतिविभ्रमः ।**

**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति ॥**

જીવ વિષયોનો વિચાર કરે છે, તેનાથી તેને 'વિષયાસક્તિ' થાય છે. વિષયાસક્તિથી 'કામ' જન્મે છે, અને 'કામ'થી 'ક્રોધ'નો ઉદ્ભવ થાય છે. 'ક્રોધ'થી 'સંમોહ' થાય છે. 'સંમોહ'થી 'સ્મૃતિભ્રંશ' થાય છે. 'સ્મૃતિભ્રંશ'થી 'બુદ્ધિનાશ' થાય છે અને 'બુદ્ધિનાશ'થી જીવ 'વિનાશ' પામે છે.

'સીતાજી'ના વિચારોથી રાવણને તેમનામાં આસક્તિ થઈ અને કામવાસનાથી એ નખશિખ સળગી ઉઠ્યો. પછી જે એ કામપૂર્તિમાં વિઘ્ન લાગ્યા, એમના પર એનો ક્રોધ ભભૂકી ઉઠ્યો. એ ક્રોધે જ એને સંમોહનો શિકાર બનાવ્યો - મારું હિત શેમાં છે અને અહિત શેમાં છે, એનું એને ભાન ન રહ્યું. ને આ સંમોહના કારણે એણે જે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, એને તો એ ભૂલી જ ગયો, પોતાના કુળની મર્યાદાને પણ ભૂલી ગયો. આનું નામ સ્મૃતિભ્રંશ. જેના પરિણામે એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ. **विनाशकाले विपरीतबुद्धिः ।** હનુમાનજી અને અંગદજીએ તો એને સમજાવ્યો, બિભીષણજીએ પણ કાંઈ કહેવામાં બાકી રાખ્યું નહીં, તો ય એ ન સમજ્યો, તે ન જ સમજ્યો. પહેલું પગથિયું એ ચૂક્યો હતો. હવે વચ્ચે ક્યાંય અટકવું એના માટે શક્ય ન હતું. વિનાશ થઈને રહ્યો.

સ્થૂલદૃષ્ટિએ રાવણનો પરાજય શ્રીરામે કર્યો હતો. પણ સૂક્ષ્મદૃષ્ટિએ રાવણનો પરાજય સીતાજીએ કર્યો હતો. ને દૃષ્ટિને હજી સૂક્ષ્મ બનાવીએ તો પ્રતીત થાય છે, કે રાવણનો પરાજય રાવણે જ કર્યો હતો. કારણ કે રાવણ ખુદ એના વિષયાસક્ત મનને આધીન થયો હતો અને એણે જ વિનાશને નિમંત્રણ આપ્યું હતું.

**ઉપનિષદ્**નું તત્ત્વજ્ઞાન કહે છે, કે વિશ્વમાં પ્રત્યેક આત્માની પોતાની રામાયણ હોય છે. જેમાં રાવણ થવું કે રામ એ એના હાથની વાત છે. વિષયોને આધીન થાય તો એ પોતે જ રાવણ અને વિષયોની ગુલામીથી મુક્ત થાય તો એ સ્વયં શ્રીરામ. રાવણ બંધન પામે છે ને શ્રીરામ મુક્તિ... **बन्धाय विषयसक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ।**

સંતની આંખો બંધ થઈ છે અને જિજ્ઞાસુની આંખો ખુલી ગઈ છે. સંત ફરી ધ્યાનમાં મગ્ન બન્યા છે અને જિજ્ઞાસુની આંખો એમના ચરણ પર અભિષેક કરી રહી છે. એ અશ્રુઓમાં હર્ષ પણ છે. કૃતાર્થતા પણ અને કૃતજ્ઞતા પણ. કારણ કે સંતે એને જે આપ્યું છે, એ સુધાનું સર્વસ્વ પણ છે અને અમરતાનું વરદાન પણ.

●●●

# અધ્યાત્મનું અમૃત

## અધ્યાત્મોપનિષદ્

અંગે અંગથી લાવણ્ય નીતરી રહ્યું છે...સૌન્દર્ય ટપકી રહ્યું છે...માદકતાએ માઝા મૂકી છે...મોહકતા મન મૂકીને વરસી છે...અદાઓ અવર્ણનીય બની છે...ને નૃત્ય ચરમસીમાએ પહોંચ્યું છે. પથ્થરને ય પીગાળી દે એવા વાતાવરણનું સર્જન થયું છે. નામ જ છે રૂપકોશા...રૂપનો મૂર્તિમંત કોશ.

પણ રે ! મુનિ સ્થૂલભદ્રની આંખ પણ ઊંચી થતી નથી ને રુંવાડું પણ ફરકતું નથી. જાણે કશું છે જ નહીં, એવો ઉપેક્ષાભાવ. જાણે પોતે ત્યાં હાજર જ નથી, એવો અંતર્મુખભાવ. અને ખરેખર, આત્મગુણોની અનંત સમૃદ્ધિની તુલનામાં બહાર હતું પણ શું ? બાહ્ય લાવણ્યના આવરણમાં મળ-મૂત્રની ગંદકી...નૃત્યના નામે વ્યર્થ ઉછળ-કૂદ...સંગીતના બહાને નર્યો ઘોંઘાટ, ના, બહાર કશું જ ન હતું. ને, એ પોતે ય ત્યાં નથી જ. એ તો મગ્ન છે ભીતરના પરમાનંદના અમૃતકુંડમાં.

જેના જીવનમાં શાસ્ત્રે કહેલું તત્ત્વ જીવંત બન્યું હોય, એનું નામ સંત. શાસ્ત્ર છે **અધ્યાત્મોપનિષદ્** અને તત્ત્વ છે વિરાગ.

**वासनानुदयो भोग्ये, वैराग्यस्य तदावधिः ।**
**अहंभावोदयाभावो, बोधस्य परमावधिः ॥**
**लीनवृत्तेरनुत्पत्ति - र्मर्यादोपरतेस्तु सा ।**
**स्थितप्रज्ञो यतिरयं, यः सदानन्दमश्नुते ॥**

ભોગ્યની હાજરીમાં પણ વાસના ન જાગે, એ વિરાગની પારકાષ્ઠા છે. અહંકારની શક્યતા જ નાબૂદ થઈ જાય, એ જ્ઞાનની ચરમ સીમા છે. રાગ-દ્વેષની વૃત્તિઓ એવું મરણ પામે, કે જેના પછી જન્મ જ નથી, એ વિરતિની પરાકાષ્ઠા છે. આવો વિરાગ, જ્ઞાન અને વિરતિનો ત્રિવેણી સંગમ જેમને સ્વાધીન છે એ સંત 'સ્થિતપ્રજ્ઞ' છે. એ સંત સદા આનંદમાં મગ્ન રહે છે.

**જેના જીવનમાં શાસ્ત્રે કહેલું તત્ત્વ જીવંત બન્યું હોય, એનું નામ સંત.**

**અધ્યાત્મોપનિષદ્** એ **શુક્લ યજુર્વેદ**થી સંબંધિત ગ્રંથ છે, જેની રચના અજ્ઞાત પૂર્વ મહર્ષિએ કરી છે. સંસ્કૃતભાષામાં 'અનુષ્ટુપ્' છંદમાં રચાયેલા આ ગ્રંથમાં ૮૧ શ્લોકો છે. પૂર્વ મહર્ષિએ આ ગ્રંથમાં અધ્યાત્મનું અનુપમ અમૃત પીરસ્યું છે... **वासनानुदयो भोग्ये...**

ગેરહાજર ભોગ્યની પણ તૃષ્ણા એ રાગીનું લક્ષણ છે. હાજર ભોગ્યની પણ ઉપેક્ષા એ વિરાગીનું લક્ષણ છે. મનુષ્યમાંથી 'રાગ'ની બાદબાકી થાય, તો ભગવાન બાકી રહે છે. માટે જ વિરાગીને ભગવાનતુલ્ય કહેવામાં આવ્યા છે.

**નિરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન ।**
**ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન ॥**

રાગી માત્ર ઉપલી સપાટીને જુએ છે. વિરાગી આરપાર જુએ છે. રાગી માત્ર વર્તમાનને જુએ છે. વિરાગી ત્રિકાળ જુએ છે. રાગીનું દર્શન અપૂર્ણ છે, વિરાગીનું દર્શન પૂર્ણ છે. રાગીને રૂપવતી યુવતી પર રાગ છે અને કુરૂપ વૃદ્ધા પર દ્વેષ છે. વિરાગીને બંને પ્રત્યે સમભાવ છે. વિરાગી સમજે છે કે એ બેમાંથી એક ઉપર પણ રાગ કરવા જેવો નથી, કારણ કે બંનેના દેહ અશુચિ છે. ને એ બંનેમાંથી એક્કે પર દ્વેષ કરવા જેવો નથી, કારણ કે બંનેના આત્મા પરમ પવિત્ર છે....**वैराग्यस्य तदावधिः ।**

એક શ્રીમંતના નબીરાએ ખૂબ જ રૂપવતી કન્યા સાથે લવ-મેરેજ કર્યાં. ઘરની બહાર જાય, તો ય એની પત્નીના જ વિચારો કર્યા કરે...જ્યાં જુએ ત્યાં એ જ દેખાયા કરે. એ પાસે ન હોય ત્યારે એની ચિંતા સતાવ્યા કરે. ઘરે આઠ-દશ ફોન ન કરે ત્યાં સુધી ચેન ન પડે. ઘરે પાછો આવે ત્યારે પત્નીનો મોબાઈલ ચેક કરી લે. લગ્નને હજી એક વર્ષ થયું હતું, ને એવામાં એની પત્નીનો કાર-એકસીડેન્ટ થયો, સમાચાર મળ્યા ને યુવકના માથે જાણે વીજળી પડી. આઈ.સી.યુ.ની બહાર રડી રડીને એની આંખો સૂઝી ગઈ. બૂટના અવાજે એણે ઊંચું જોયું. ડૉક્ટરને જોતાની સાથે એ ડૉક્ટરના પગમાં પડી ગયો...“પ્લીઝ, સેવ માય વાઈફ...ડૉ. સાહેબ ! જે લેવું હોય લઈ લેજો....પણ હું એના વગર જીવી નહીં શકું...પ્લીઝ” ડૉક્ટરે આશ્વાસન આપ્યું. ટ્રીટમેન્ટ ચાલી. જીવ બચી ગયો. છ દિવસ પછી ચહેરા પરનો પાટો ખુલ્યો ને યુવાનના પગ તળેથી ધરતી સરકી ગઈ. કાંચની કરચોએ પત્નીના ચહેરાને બેહદ કદરૂપો લગાવી દીધો હતો. યુવાન સીધો બહાર નીકળી ગયો.

ડૉક્ટરની કેબિનમાં જઈને કહી દીધું "જે લેવું હોય, એ લઈ લેજો. એને ઝેરનું ઈંજેકશન આપીને પતાવી દો."

**રાગી માત્ર ઉપલી સપાટીને જુએ છે. વિરાગી આરપાર જુએ છે.**

'લવ' કરનાર પણ રાગ છે. ચિંતા અને શંકા કરનાર પણ રાગ છે. હસનાર અને રડનાર પણ રાગ છે. પતાવી નાખનાર પણ રાગ છે અને બીજાં રૂપની શોધ કરનાર પણ રાગ છે. પરમ સત્ય એ છે કે જ્યાં રાગ છે, ત્યાં સુખની કોઈ જ શક્યતા નથી. **अध्यात्मोपनिषद्**ના તત્ત્વનો હવે સાક્ષાત્કાર થાય છે...**वासनानुदयो भोग्ये वैराग्यस्य तदावधिः** જે અંદરથી પૂર્ણ છે, એને બહાર બધું જ શૂન્ય દેખાય છે. અને શૂન્ય પ્રત્યે કોઈ વાસના જાગવી શક્ય જ નથી. યુવાન પાસે આ આંતરિક પૂર્ણતા ન હતી, માટે જ એ દુઃખી દુઃખી થઈ ગયો. અજ્ઞાનીની દૃષ્ટિમાં એ ત્યારે જ દુઃખી હતો, જ્યારે રડી રડીને એની આંખો સૂઝી ગઈ હતી. જ્ઞાનીની દૃષ્ટિમાં એ ત્યારે પણ દુઃખી હતો, જ્યારે એ એની પત્ની સાથે વિલાસ કરતો હતો. રાગ = દુઃખ, વિરાગ =સુખ. ટંકશાળી છે **अध्यात्मोपनिषद्**નું વચન...**यः सदानन्दमश्नुते ।**

**જે અંદરથી પૂર્ણ છે, એને બહાર બધું જ શૂન્ય દેખાય છે.**

અંદરનો ખાલીપો જ બહાર દોડાવે છે અને જે અંદરથી ખાલી છે, એને દુનિયાની કોઈ વસ્તુ ભરી શકે તેમ નથી. કાગડો પોતે કાળો છે, તો ચૂનાના ગમે તેટલા થર પણ એને ધોળો નહીં કરી શકે. હા, એનાથી કાગડાને એવો આભાસ થઈ શકે, કે હું ધોળો થઈ ગયો. પણ આભાસ એ આભાસ જ છે, અને વાસ્તવિકતા એ વાસ્તવિકતા છે. ક્યાંક વાંચી હતી આ પંક્તિઓ -

**અમારી જિંદગીનો આ સરળ સીધો પરિચય છે ।**
**રુદનમાં વાસ્તવિકતા છે ને હસવામાં અભિનય છે ॥**

**જે અંદરથી ખાલી છે, એને બહારની કોઈ વસ્તુ ભરી શકે તેમ નથી.**

ચૂનાના દ્રાવણમાં સ્નાન કરે, તો ય કાગડો કાળો જ હોય છે. સુખના સેંકડો સાધનોની વચ્ચે પણ રાગી દુઃખી જ હોય છે. હા, આભાસ ને અભિનય સુખનો પણ હોઈ શકે છે, પણ એનો શો અર્થ ? એક ભિખારી કલ્પના કરે કે હું પ્રધાનમંત્રી કે ઉદ્યોગપતિ બની ગયો, એનો શો અર્થ ?

પેટનો ખાડો પૂરવાની ચિંતા તો યથાવત્ ઊભી જ છે. રાગી આભાસને વાસ્તવિકતા માને છે અને સુખ-દુઃખની ભ્રમમાં પડીને પોતાને દુઃખી કરે છે. વિરાગી વાસ્તવિકતાને જ વાસ્તવિકતા માને છે, અને તેથી કોઈ પણ નિમિત્તોની વચ્ચે એ સહજાનંદમાં મગ્ન રહે છે. કોલસામાં આળોટે, તો ય હંસ ધોળો હોય છે. દુઃખના સેંકડો નિમિત્તોની વચ્ચે પણ વિરાગી સુખી હોય છે.... **सदानन्दमश्नुते...**

વિરાગ એ સુખનું પરમ રહસ્ય છે. વિરાગમાં ભગવત્ત્વની ભવ્યતા છે. **नीतिवाक्यामृतम्**માં કહ્યું છે -

**स खलु प्रत्यक्षं दैवतम्, यस्य परस्वेस्विव**
**परस्त्रीषु निःस्पृहं चेतः ।**

પ્રત્યક્ષ ભગવાન છે એ, જેને પરધન અને પરસ્ત્રીમાં કોઈ જ સ્પૃહા નથી. **અષ્ટાવક્રગીતા**માં વિરાગની આ જ અસ્મિતાના દર્શન થાય છે -

**सानुरागां स्त्रियं दृष्ट्वा, मृत्युं वा समुपस्थितम् ।**
**अविह्वलमनाः स्वस्थो, मुक्त एव महाशयः ॥**

આગમન કરનાર અનુરાગિણી સ્ત્રી હોય કે મૃત્યુ હોય, જેના મનમાં કોઈ જ વિહ્વળતા નથી. જે પૂર્ણપણે સ્વસ્થ છે, એ મહાશય મુક્ત જ છે. સ્ત્રી / પુરુષ કે મૃત્યુનો સંબંધ દેહ સાથે છે, ને વિરાગી દેહાતીત આત્મદશાની અનુભૂતિ કરે છે. જેમાં કેવળ પૂર્ણતા છે. કહેવાતા સુખના સાધનો એમાં કાંઈ સુધારી કે ઉમેરી શકતા નથી અને કહેવાતા દુઃખના સાધનો એનું કાંઈ બગાડી શકતાં નથી કે કાંઈ ચોરી શકતાં નથી. **અધ્યાત્મોપનિષદ્** આ જ વાત કહે છે -

**अखण्डानन्दमात्मानं विज्ञाय स्वस्वरूपतः ।**

**સુખનું પરમ રહસ્ય છે વિરાગ.**

વિરાગી જાણે છે, કે 'અખંડ આનંદની પૂર્ણતા એ જ મારા આત્માનું સ્વરૂપ છે.' એ પરમાનંદની અનુભૂતિ જેને પળે પળે રોમાંચિત કરી રહી છે, એનું રુંવાડું બાહ્ય પદાર્થોથી શી રીતે ફરકી શકે ? ભીતરના અલૌકિક આત્મસ્વરૂપને જે અનિમેષપણે નીરખી રહ્યો છે, એની પાંપણો બાહ્ય રૂપને જોવા માટે શી રીતે ઊંચી થઈ શકે ?...**वैराग्यस्य तदावधिः...**

રૂપકોશા આજે પણ નાચી રહી છે. રાગી દુઃખી છે. વિરાગી સુખી છે. આપણે શું થવું, એ આપણા હાથની વાત છે.

# સંતનું સૌન્દર્ય

## અવધૂતગીતા

ખળ ખળ વહેતી નદી છે, રમણીય કિનારો છે. એ કિનારાની રેતીમાં એક સંત બેઠાં છે. એમના ચહેરા પર પ્રશાંતતા પણ છે, પ્રસન્નતા પણ અને ધન્યતા પણ...निर्ग्रन्थास्तेऽपि धन्याः....ધ્યાનના અલૌકિક ઊંડાણમાંથી સંત બહાર આવ્યા છે...આંખો ખુલી છે...અને સામે દેખાય છે એક વીંછી. પાણીની નજીક એ સરકી રહ્યો છે. સંત હજી કાંઈ સમજે એની પહેલા તો વીંછી પાણીમાં પડી ગયો. જીવ બચાવવા એ તરફડી રહ્યો છે...સંતની કરુણા છલકી ઉઠી. તરત જ ત્યાં જઈને એમણે વીંછીને પોતાના હાથમાં લઈ લીધો. પ્રેમથી એને કિનારાના સુરક્ષિત સ્થાને મૂકવા જાય છે, ત્યાં તો વીંછીએ સંતને ભયંકર ડંખ દઈ દીધો. સંતને અસહ્ય વેદના થઈ, પણ તો ય એ જ પ્રેમ સાથે એમણે વીંછીને હળવેથી મૂકી દીધો.

સંત ફરી પોતાના સ્થાને બેસી ગયા. થોડી વાર થઈ અને ફરી વીંછી પર ધ્યાન ગયું. નાદાન વીંછી ફરી પાણીમાં પડી રહ્યો હતો. સંતે ફરી એને બચાવ્યો. ને વીંછીએ ફરી ડંખ માર્યો. ફરી બચાવ્યો ને ફરી ડંખ માર્યો. ચાર વાર આ ઘટના બની. એક યુવાન સંતની આ પ્રવૃત્તિને જોઈ રહ્યો હતો. એણે સંતને કહ્યું, ‘‘તમે રહેવા દો ને, એ એનો સ્વભાવ નહીં છોડે.’’ સંતે સ્મિત કરીને જવાબ આપ્યો, ‘‘એ એનો સ્વભાવ નથી છોડતો, તો હું મારા સ્વભાવ કેમ છોડું ?’’

‘વીંછી જેવો વીંછી પણ જો એના સ્વભાવને વળગી રહે છે. તો હું તો સંત છું. મારે પણ મારા સ્વભાવને વળગી રહેવું જોઈએ. ‘ડંખ મારવો’ એ એનો સ્વભાવ છે. ‘કરુણા’ એ મારો સ્વભાવ છે. આ છે સંતનું સૌન્દર્ય, સામાન્ય વ્યક્તિ જાત માટે જીવે છે. સંત જગત માટે જીવે છે. સામાન્ય વ્યક્તિ પોતાના દુઃખથી દુઃખી હોય છે. સંત બીજાના દુઃખથી દુઃખી હોય છે.

**અવધૂતગીતા** નામના ગ્રંથમાં સંતના આ અલૌકિક સૌન્દર્યના દર્શન થાય છે. શ્રી દત્તાત્રેય અવધૂત આ ગ્રંથના કર્તા છે. સંસ્કૃત ભાષામાં કાવ્યરૂપે રચાયેલ આ ગ્રંથમાં ૨૮૯ શ્લોક છે. આત્માનુભૂતિ, વિરાગરસ, અધ્યાત્મવિદ્યા અને સમાધિમાર્ગનું આ ગ્રંથમાં સૂક્ષ્મ નિરૂપણ કરેલ છે. તો સાથે સાથે જ તે ગુણોને

પામીને સંતનું સૌન્દર્ય કેવું ખીલી ઉઠે છે, તેનું પણ વર્ણન કરેલ છે. જેની ઝલક અહીં પ્રસ્તુત છે.

**कृपालुरकृतद्रोह - स्तितिक्षुः सर्वदेहिनाम् ।**
**सत्यसारोऽनवद्यात्मा, समः सर्वोपकारकः ॥**

**સામાન્ય વ્યક્તિ જાત માટે જીવે છે. સંત જગત માટે જીવે છે.**

(૧) **કૃપાળુ** - સંતનું આ પહેલું લક્ષણ છે. કૃપા એટલે કરુણા. વિશ્વના સર્વ જીવો પ્રત્યે જેના અંતરમાં કરુણા ઉભરાઈ રહી છે, એનું નામ સંત. કીડીથી માંડીને હાથી સુધીના સર્વ જીવો પ્રત્યે જેને દયા છે એનું નામ સંત. પૃથ્વી અને પાણી વગેરેના સૂક્ષ્મ જીવો પ્રત્યે પણ જેના હૃદયમાં વાત્સલ્ય છે, એનું નામ સંત. હૃદયનું આ વાત્સલ્ય સંતની આંખોમાં છલકે છે, અને સંતની વાણી અને વર્તનમાં પ્રગટે છે. સંતના આશીર્વાદથી સંકટો ટળી જાય, રોગો દૂર થાય, એવી જે ઘટનાઓ બને છે, તેમાં સંતનો આ વાત્સલ્યભાવ કારણ હોય છે. આધુનિક વિજ્ઞાન પણ આજે વિચારશક્તિની અસરકારકતાનો સ્વીકાર કરે છે, ત્યારે એવી ઘટનાઓમાં અશક્યપણું નથી.

(૨) **અકૃતદ્રોહ** - સંત એ કે જે દુનિયાના કોઈ પણ જીવનો દ્રોહ કરતા નથી, વાત્સલ્યનો મહાસાગર જેના હૈયામાં હિલોળા લઈ રહ્યો હોય, એ કોઈને દ્રોહ શી રીતે કરી શકે ? **આગમ**માં કહ્યું છે - **अवरज्झे वि ण कुप्पइ** - કોઈ પોતાને ગાળો આપે, માર મારે કે મારી નાંખવા સુધીનો પ્રયાસ કરે, સંતને એના પ્રત્યે મનમાં પણ ક્રોધ જાગતો નથી. નાનકડો બાળક એની માતાને લાત મારી દે, એવું પણ બને, પણ માતાનો એના પ્રત્યે શું પ્રતિભાવ હોય ? શું માતા એને લાત મારશે કે એના પર ગુસ્સે થશે ? ના, માતાના મુખ પર સ્મિત હશે. હૃદયમાં વાત્સલ્ય હશે, અને 'મારો વ્હાલો દીકરો'-આ લાગણી અકબંધ હશે. એક માતાને જે લાગણી પુત્ર માટે છે, તે જ લાગણી સંતને વિશ્વ માટે છે. સંત 'કૃપાળુ' છે, માટે જ 'અકૃતદ્રોહ' છે.

**એક માતાને જે લાગણી પુત્ર માટે છે, તે જ લાગણી સંતને વિશ્વ માટે છે.**

(૩) **તિતિક્ષુ** - તિતિક્ષાનો અર્થ છે સહન કરવું. જે સહનશીલ છે, તે તિતિક્ષુ છે. કોઈનું કશું ય સહન ન કરવું, એ સામાન્ય વ્યક્તિની ભૂમિકા છે. બધાંનું બધું જ સહન કરવું, એ સંતની ભૂમિકા છે. **ઉપદેશમાલા**માં કહ્યું છે - **साहू सहंति सव्वं णीयाण वि पेसपेसाणं** સંત સંન્યાસ

પૂર્વની અવસ્થામાં રાજા કે શેઠ વગેરે હોય. તે સમયના તેમના જે નોકર-ચાકર-દાસ વગેરે હોય, તે દાસના પણ દાસ જેવી વ્યક્તિ આજે સંતને સતાવતી હોય, તો ય સંત પ્રેમથી એને સહી લે. ન સામનો, ન ફરિયાદ, ન ક્રોધ, ન ઉચાટ, ન ખેદ, ન દીનતા...બસ. એ જ અસ્ખલિત પ્રસન્નતાનો પ્રવાહ....એનું નામ સંત. તાત્ત્વિક દૃષ્ટિએ વિશ્વમાં કોઈ સ્વતંત્ર હોય, તો એ સંત છે. કારણ કે એની પ્રસન્નતા પરાધીન નથી. વિવશતાથી સહન કરે, એ 'બિચારો' હોઈ શકે છે. પ્રસન્નતાથી સહન કરી શકે, એના જેવો સમ્રાટ બીજો કોઈ નથી.

(૪) **સત્યસાર** - જેને 'ખોટું' કહી શકાય એવું જેના જીવનમાં કશું જ ન હોય, એનું નામ 'સત્યસાર.' સંત અને સત્ય - આ બંને શબ્દોના મૂળમાં એક જ પદ છે - सत्. સર્વ સુખોની પ્રતિષ્ઠા सत् માં છે. માટે જ **ઉપનિષદો**માં પ્રાર્થના કરવામાં આવી છે - **असतो मा सद् गमय** - હે પ્રભુ ! તું મને અસત્‌માંથી સત્‌માં લઈ જા. મને દુર્જનમાંથી સજ્જન બનાવ અને સજ્જનમાંથી સંત બનાવ. દુર્જન અસત્‌ને અપનાવે છે અને સુખમાં ય રડતાં રહે છે. સંત સત્‌ને અપનાવે છે, અને દુઃખમાંય હસતા રહે છે.

**વિવશતાથી સહન કરે, એ 'બિચારો' હોઈ શકે છે. પ્રસન્નતાથી સહન કરે, એના જેવો સમ્રાટ બીજો કોઈ નથી.**

(૫) **અનવદ્યાત્મા**-અવદ્યનો અર્થ છે પાપ જેને સ્વપ્નમાં પણ પાપ કરવાનું મન થતું નથી, એ અનવદ્યાત્મા છે. પાપ પાંચ પ્રકારનું છે - (૧) હિંસા (૨) અસત્ય (૩) ચોરી (૪) અબ્રહ્મ (૫) પરિગ્રહ. આ પાંચ પાપો જ સર્વ દુઃખોને જન્મ આપે છે. સંતની પ્રસન્નતાનું રહસ્ય તેમની નિષ્પાપ વૃત્તિ છે. જેનું મૂળ જ ઉખડી ગયું છે, એ વૃક્ષ શી રીતે ફળ આપી શકે ? दुःखं पापात् - પાપ જ દુઃખનું મૂળ છે. દુઃખ પ્રત્યે થોડો પણ અણગમો હોય તો 'અનવદ્યાત્મા' બનવા જેવું છે. **જ્ઞાનસાર**માં કહ્યું છે - **भिक्षुरेकः सुखी लोके** - આખા વિશ્વમાં કોઈ સુખી હોય, તો એ સંત છે. કારણ કે એ 'અનવદ્યાત્મા' છે.

(૬) **સમ** - જે સમતાનો સ્વામી છે, એનું નામ 'સમ.'...સમતા...જેનાથી સોનું અને માટી બન્ને સરખા લાગે. જેનાથી સુખ અને દુઃખ બન્ને સમાન લાગે. જેનાથી શત્રુ અને મિત્ર એવો ભેદભાવ ન રહે...વિષમતા એ અશાંતિ અને સંક્લેશનો માર્ગ છે. સમતા એ શાંતિ અને સમાધિનો માર્ગ છે. હીરો ગમે છે અને

પથ્થર નથી ગમતો - આવી વિષમતામાંથી જ જગતની અશાંતિનું સર્જન થયું છે. સંતને મન હીરો ને પથ્થર - બન્ને સમાન છે. માટે એ પરમ શાંત દશાને અનુભવે છે. **અધ્યાત્મસાર** માં કહ્યું છે - **उपायः समतैकैव पीयूषघनवृष्टिवत्** - આખો સંસાર દાવાનળની જેમ ભડકે બળી રહ્યો છે. જન્મ, રોગ, ઘડપણ, મૃત્યુ, રાગ, દ્વેષની જ્વાળાઓ જીવોને શેકી રહી છે. આ સ્થિતિમાં કોઈ ઉપાય હોય, તો એ સમતા છે, કારણ કે સમતા એ અમૃતનો વરસાદ છે. સંત આ સુધાવર્ષામાં સ્નાન કરે છે, અને સર્વ સંતાપોથી મુક્ત રહે છે.

(૭) **સર્વોપકારક** - જે સર્વ પર ઉપકાર કરે, તે **સર્વોપકારક.** સંન્યાસ કે દીક્ષા સમયે સંત પરિવારનો ત્યાગ કરે છે, એવી આપણી માન્યતા છે. વાસ્તવમાં સંત સમગ્ર વિશ્વનો પોતાના પરિવાર તરીકે સ્વીકાર કરે છે. 'દીક્ષા'નું તાત્પર્ય હૃદયની વિશાળતા છે. હૃદય સંકુચિત હોય, ત્યાં સુધી 'મારો' ને 'પારકો' એવો વિચાર આવે છે. હિંસા, ચોરી વગેરે બધાં પાપો હૃદયની સંકુચિતતાથી થાય છે. સંતનું હૃદય વિશાળ છે. એમને મન કોઈ જ પારકું નથી. **यत्र विश्वं भवत्येकनीडम्** - હું એક પંખી ને આખી દુનિયા મારો માળો - આ વેદોનો સંદેશ સંતના જીવનમાં જીવંત બન્યો છે....**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्** - આખું વિશ્વ જ્યારે પોતાનો જ પરિવાર છે, ત્યાં પક્ષપાત શી રીતે હોઈ શકે ?...સર્વોપકાર...વિજ્ઞાનીઓ સો વર્ષના સંશોધનો પછી દવાથી જે રોગ નથી મટાડી શકતા, એ રોગ 'સંત'ના દર્શનથી મટી શકે છે. સુખના લાખો સાધનો જે આનંદ નથી આપી શકતા, એ આનંદ 'સંત'ને કરેલું વંદન આપી શકે છે. સંતની અસ્મિતા જ શાંતિનું સામ્રાજ્ય છે, અને શાંતિપ્રસાર જેવો ઉપકાર બીજો કોઈ જ નથી.

**અવધૂતગીતા**માં કહેલા આ સાત લક્ષણો આપણામાં જેટલા અંશે હોય, એટલા અંશે આપણામાં સંતત્વ છે. સુખનો સંબંધ માત્ર સંતત્વ સાથે છે. 'સંતત્વ'ને આવકારીએ, અને સુખી થઈએ.

●●●

**આર્ષ વિશ્વ**

**આચાર્ય કલ્યાણબોધિ**

# જીવન જીવવાની કળા

## ધર્મોપનિષદ્

નદીના પાણીને ચીરતી ચીરતી હોડી આગળ વધી રહી છે. શેઠ સહેલગાહનો આનંદ લઈ રહ્યા છે, એ સમયે એમને કાંઈ તુક્કો સૂઝ્યો. નાવિકને પૂછ્યું, ''અલ્યા, તું કાંઈ ભણ્યો-ગણ્યો છે કે નહીં ?'' નાવિકે સરળતાથી જવાબ આપ્યો, ''ના, મારે તો કાળા અક્ષર ભેંસ બરાબર છે.'' શેઠે કહ્યું, ''તો તારી પા જિંદગી પાણીમાં ગઈ. ઠીક છે. તે પૈસા કેટલા ભેગા કર્યા છે ?'' નાવિકે જે હતું એ કહી દીધું, ''ફૂટી કોડી ય નથી. હું તો રોજ કમાઉં છું, ને રોજ ખાઉં છું.'' ''અરે રે, તો તો તારી અડધી જિંદગી પાણીમાં ગઈ. પણ એ તો કહે, તું પરણ્યો છે કે નહીં ?'' આ વખતે નાવિક જરા ફિક્કુ હસી પડ્યો...''શેઠ ! મારા જેવા ગરીબને દીકરી કોણ આપે ?'' ''ઓહ...તારી પોણી જિંદગી પાણીમાં ગઈ.''

હજી તો આ વાત ચાલે છે, ત્યાં પાણીની એક જોરદાર થપાટ હોડીને વાગી. એક નાનું પાટિયું હોડીમાંથી છૂટ્ટું પડી ગયું, પાણી પૂર વેગે હોડીમાં અંદર આવવા લાગ્યું. શેઠ ફાટી આંખે જોઈ રહ્યા નાવિકે ઝડપથી શેઠને પૂછ્યું, ''શેઠ ! તમને તરતાં તો આવડે છે ને ?'' શેઠે ગભરાટ સાથે જવાબ આપ્યો, ''ના.'' ''તો પછી તમારી આખી જિંદગી પાણીમાં ગઈ.''

પછી શું થયું, એ કહેવાની જરૂર નથી. વાત માત્ર એ શેઠની નથી. સમાજની, દેશની અને દુનિયાની છે. આજે વ્યક્તિ સ્પોકન ઇંગ્લીશના ક્લાસ ભરી ભરીને દેશી / વિદેશી ઇંગ્લીશ બોલવા લાગે છે. નાની-મોટી ડિગ્રી મેળવી લે છે. પૈસા કમાવાની તરકીબો શીખી લે છે. 'ફેર સ્કીન'વાળી કન્યા કે મૂરતિયાને પસંદ કરી લે છે. પણ જીવનમાં અનેક પ્રકારના દરિયા આવતા હોય છે, જેમને તરતા તેમને આવડતું નથી. ને પરિણામ એ જ આવે છે, જે એ શેઠનું આવ્યું હતું.

**ધર્મોપનિષદ્** જીવન જીવવાની કળા શીખવાડે છે. જીવનમાં આવતા દરિયાઓને તરતાં શીખવાડે છે. દુઃખમાં હસતાં શીખવાડે છે. સુખમાં સ્વસ્થ રહેતાં શીખવાડે છે, પ્રલોભનો સમક્ષ અણનમ રહેતાં શીખવાડે છે. પારિવારિક પ્રેમ, શાંતિ

અને વિશ્વાસને જાળવી રાખતાં શીખવાડે છે. અને એ વ્યક્તિત્વનું નિર્માણ કરે છે, જે વ્યક્તિના પોતાના હિતમાં તો છે જ, સમાજના, દેશના અને જગતના એક એક જીવના હિતમાં છે. **ધર્મોપનિષદ્**નું હાર્દ પણ આ જ છે, કે જે વસ્તુ પ્રત્યેક જીવના હિતમાં નથી હોતી, એ વ્યક્તિના હિતમાં પણ નથી હોતી. વ્યક્તિના હિતમાં એ જ વસ્તુ હોય છે, જેનાથી સમાજનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે. જેમાં દેશદ્રોહનો અંશ પણ ન હોય, અને જેનાથી વિશ્વનો નાનામાં નાનો જીવ પણ દુભાતો ન હોય.

**જે વસ્તુ પ્રત્યેક જીવના હિતમાં નથી હોતી, તે વસ્તુ વ્યક્તિના હિતમાં પણ નથી હોતી.**

**ધર્મોપનિષદ્**ના કર્તા કોઈ એક વ્યક્તિ નથી. આ એક મનનીય સંગ્રહ ગ્રંથ છે. જેમાં વેદો, પુરાણો, આગમો, ઉપનિષદો, ગીતા, મહાભારત, ચાણક્યસૂત્ર, ત્રિપિટક, ગ્રંથસાહિબ, સંહિતા અને કબીરવચનથી માંડીને કુરાન અને બાઇબલ સુધીના ધર્મશાસ્ત્રોના સંદર્ભોને વિષયાનુસાર પ્રસ્તુત કરવામાં આવ્યા છે. સંસ્કૃત, પ્રાકૃત, પાલી, ઉર્દુ વગેરે ભાષાના આ સંદર્ભોને સહુ સમજી શકે, તે માટે પ્રત્યેક સંદર્ભની સાથે સાથે જ તેનો સરળ હિંદી અને અંગ્રેજી અનુવાદ આપવામાં આવ્યો છે.

ભારતના અને વિશ્વના કોઈ પણ દેશના સત્તાધીશો અને શિક્ષણખાતાના મંત્રીઓ જો ખરેખર લોકકલ્યાણ કરવા ઈચ્છતાં હોય, તો તેમણે નર્સરી / બાળમંદિર / આંગનવાડીથી માંડીને કોલેજ સુધીના સમગ્ર શિક્ષણમાં **ધર્મોપનિષદ્** ને પાઠ્યપુસ્તક તરીકે સ્થાન આપવું જોઈએ.

દર વર્ષે દશમા અને બારમા ધોરણોની પરીક્ષાઓ આવે છે અને વિદ્યાર્થીઓમાં ડિપ્રેશનથી માંડીને આપઘાત સુધીના સંખ્યાબંધ કિસ્સાઓ બને છે. રિઝલ્ટના દિવસો આવે ને ઠેર ઠેર સોળ અને અઢાર વર્ષના કિશોર - કિશોરીઓની નનામી નીકળે છે. થોડી ચકચાર. થોડો હોબાળો...થોડી વિચારણાઓ ને ફિર વો હી રફતાર. પરીક્ષાઓની પદ્ધતિને કેમ હળવી બનાવવી એની જાત-જાતની મંત્રણાઓ ચાલે છે, પણ પરિસ્થિતિના મૂળ સુધી જવાનું કેટલાને સૂઝે છે ?

બારમા ધોરણના એક વિદ્યાર્થી રિઝલ્ટના દિવસે સવારે જ ભયંકર ડિપ્રેશનનો શિકાર બની ગયો. ખોટી કલ્પનાઓના પ્રવાહમાં તણાઈને એણે આપઘાત કરી

લીધો. પરિવાર ઉપર જાણે વીજળી તૂટી પડી. કરુણ કલ્પાંતે આખી સોસાયટીને ગુંજવી દીધી. સાંજે સ્મશાનેથી પાછા આવ્યા, ત્યારે ઘરે કોઈ રિઝલ્ટની માહિતી આપી ગયું હતું. આપઘાત કરનાર એ વિદ્યાર્થીને ૯૧% આવ્યા હતાં.

વાત ખૂબ અફસોસની છે, પણ આપણે માત્ર અફસોસ નથી કરવો, મૂળમાં જઈને મંથન કરવું છે. બારમા ધોરણમાં ૯૧% લાવનાર વિદ્યાર્થી માટે આપણે કહી શકીએ કે એણે પોતાના જીવનના બાર વર્ષ સુધી ખૂબ જ નિષ્ઠાથી અભ્યાસ કર્યો હશે. પ્રત્યેક ધોરણમાં એ તેજસ્વી પરિણામ લાવ્યો હશે અને તેના પરથી અનુમાન કરી શકીએ કે સરકારે તૈયાર કરેલ પાઠ્યપુસ્તકોનો તેણે શ્રેષ્ઠ અભ્યાસ કર્યો હશે. આટલો અભ્યાસ કર્યા બાદ પણ એ વિદ્યાર્થી આવી ચેષ્ટા કરે, એના માટે એ વિદ્યાર્થીની જ ખામી સમજવી કે જે શિક્ષણ એણે લીધું છે એની પણ ખામી સમજવી ?

**વિદ્યાર્થીના આપઘાત પાછળ કોણ જવાબદાર ? વિદ્યાર્થી ? કે એને આપવામાં આવેલું નિરુપયોગી શિક્ષણ ?**

ઘરકામ, નોકરી વગેરેની જવાબદારીઓની સાથે સાથે જે માતા-પિતાએ બાર કે પંદર વર્ષો સુધી જે સંતાનોને સ્કુલે પહોંચાડવા અને પાછા લાવવા માટે. હાડમારીઓ વેઠી છે, પરસેવાના પૈસાનું પાણી કર્યું છે, સ્કુલ-ટ્યુશન-ક્લાસની કમરતોડ 'ફી'ના બોજા ઉઠાવ્યા છે. રે...અબજો રૂપિયાથી પણ જેનું મૂલ્યાંકન ન થઈ શકે એવી સંતાનની એક એક ક્ષણનો વિનિયોગ જે માતા-પિતાએ કેળવણી માટે કર્યો છે, એ માતા-પિતાને શિક્ષણતંત્ર શું બદલો આપે છે ? કરોડો માતાઓ એમના લાડકવાયાને વહેલી સવારે કાચી ઉંઘમાંથી ઉઠાડે છે. સો મણની ચિંતાના ભાર સાથે સ્નાન, નાસ્તો વગેરે પ્રભાતક્રમના કાર્યો કરાવે છે. અદ્ધર શ્વાસે ભાગ-દોડ કરીને સ્કુલ બસના આગમનની ક્ષણને સાચવી લે છે અને બસનો માણસ બાળકને ઉંચકીને બે દાદરા ઉપર ચડાવી દે એટલે એ માતાઓ રાહતનો શ્વાસ લે છે. પણ લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે, કે ખરેખર એમાં રાહત માનવા જેવી હોય છે ખરી ? આટ- આટલો ભોગ આપીને પોતાના કાળજાની કોર જેવા સંતાનને માતા-પિતાઓ જે શિક્ષણતંત્રના હવાલે કરે છે, એ શિક્ષણતંત્રને પોતાની જવાબદારીનો કેટલો ખ્યાલ છે ? એ શિક્ષણતંત્ર જે શિક્ષણ આપી રહ્યું છે, એમાં જીવનોપયોગી શિક્ષણ કેટલું હોય છે ?

નાપાસ થવાથી કે અપેક્ષિત ટકા ન આવવાથી એક કિશોર જંતુનાશક દવાને ગટગટાવીને જાય છે, અંગત (!) જીવનમાં મમ્મીની દખલગિરી (!) થી એક કિશોરી છઠ્ઠા માળેથી નીચે ઝંપલાવી દે છે. સાસુ કે નણંદના બે શબ્દો સહન ન થવાથી નવવધૂ કેરોસીન છાંટીને બળી મરે છે. નોકરી માટે ભટકીને થાકી ગયેલો યુવાન ટ્રેનના પાટા પર સૂઈ જાય છે.

જે શિક્ષણ જીવનની વાસ્તવિકતાઓને સ્વીકારવાની પાયાની કળા પણ શીખવી શક્યું નથી, તે શિક્ષણે પોતાની જવાબદારી કેટલી નિભાવી છે ? હાથમાં પૈસો આવતાની સાથે પુત્ર પિતાનું હડહડતું અપમાન કરતો થઈ જાય અને ઘરમાં પત્ની આવતાની સાથે માતાને ત્રાસ આપતો થઈ જાય, એ કલંક પુત્રનું જ ? કે એનું ઘડતર કરનારા શિક્ષણનું પણ ? ઘરડાઘરોમાં આંસુ સારતા મમ્મી-પપ્પાઓએ કદી કલ્પના કરી હતી ખરી, કે પુત્રને 'લાયક' બનાવવા માટે અમે એને જે શિક્ષણના હવાલે કરીએ છીએ એ શિક્ષણ એને એટલો બધો લાયક (?) બનાવી દેશે, કે પછી પુત્ર અમને જ 'નાલાયક' સમજવા લાગશે ?

જે શિક્ષણે શરીરના અવયવોને ઓળખતાં શીખવ્યું. રોગના નિદાનો અને દવાઓ શીખવી. સારવારોની વિવિધ પદ્ધતિઓ શીખવી. પણ ગરીબ દર્દીઓને લૂંટવા નહીં, એવું ન શીખવ્યું. શ્રીમંત દર્દીઓને ઠગવા નહીં, એ ન શીખવ્યું. બિનજરૂરી ઓપરેશનો કરીને કોઈના જીવન સાથે રમત ન કરવી, એ ન શીખવ્યું, નકામી ને હાનિકારક દવાઓ આપીને કોઈના આરોગ્ય સાથે ચેડા ન કરવા એ ન શીખવ્યું, પોતાના પર વિશ્વાસ મૂકીને જે સ્ત્રી-દર્દી પોતાની કેબિનમાં આવી છે, એના શરીર સાથે અડપલા કરીને એનો વિશ્વાસઘાત ન કરવો, એ ન શીખવ્યું, એ શિક્ષણે સમાજનું કલ્યાણ કર્યું છે ? કે પછી સમાજનો દ્રોહ કર્યો છે ? મોટામાં મોટો ડૉક્ટર પણ નીચમાં નીચ હરકત ન કરે, એ માટે ઓપરેશન થિયેટરોમાં ફરજિયાત કેમેરા રાખવાનો આદેશ કર્યા બદલ સરકારે ગૌરવ લેવા જેવું છે કે શરમ અનુભવવા જેવું છે ? શું આ આદેશ ડૉક્ટરની અવિશ્વસનીયતાને પુરવાર નથી કરતો ? અને એક સુશિક્ષિત ડૉક્ટરની અવિશ્વસનીયતા સમગ્ર શિક્ષણતંત્રની અવિશ્વસનીયતાને પુરવાર નથી કરતી ?

ભ્રષ્ટ હૉસ્પિટલોના આઈ.સી.સી.યુ.માં દિવસો સુધી વેન્ટિલેટરથી શ્વાસ લેતા મડદાં જેવી લાખો શિક્ષિતોની સ્થિતિ છે. જેમનામાં શ્વાસ તો છે, પણ લાગણીની

ચેતના નથી. તેઓ ગરીબોના લોહી ચૂસી શકે છે, ઘરાકો ને કલાયન્ટોને ઠંડે કલેજે છેતરી શકે છે, કોઈની કબર પર પોતાનો મહેલ બનાવી શકે છે, કોઈના આંસુમાં 'નમક' શોધી શકે છે, કોઈની ચિતા પર પોતાની ભાખરી શેકી શકે છે. અને કહેતાં પણ શરમ આવે એવા અક્ષમ્ય અપરાધો કરી શકે છે.

દોષ એમનો નથી. દોષ એમને આપવામાં આવેલા શિક્ષણનો છે. એક કૂમળા બાળકને જે સમયે જેમ વાળો તેમ વાળી શકાય તેમ હતું, ત્યારે આપણે એને જીવનોપયોગી અને સમાજોપયોગી શિક્ષણ ન આપ્યું. એના પર વ્યર્થ ગોખણપટ્ટીના બોજાઓ ખડકી દીધાં. જેનો એના સામાજિક કે વ્યવસાયિક જીવન સાથે કોઈ સંબંધ ન હતો, એવા વિષયોના ભાર લાદી દીધાં. એના અમૂલ્ય વર્ષો એક મજૂરની જેમ આ બોજાઓને ઉપાડવામાં જતાં રહ્યા. જે અત્યંત આવશ્યક શિક્ષણ હતું, એના બારાક્ષરી શીખવાનો પણ અવકાશ ન રહ્યો. અને બીજી બાજુથી અસમાજિક તત્ત્વોએ જાત-જાતના માધ્યમો દ્વારા એના ક્રોધને અને લોભને ઉશ્કેર્યો, એને છળ-કપટ કરતાં શીખવાડ્યું. એને પૈસા પાછળ પાગલ બનાવ્યો. એની કામવૃત્તિને ભયજનક રીતે સતેજ કરી. પરિણામ આપણી સામે છે.

એક વૃક્ષને યોગ્ય સમયે પાણી ન મળ્યું. એ સૂકાવા લાગ્યું એના પાંદડાં પીળાં પડીને સૂકાવા લાગ્યાં. હવે એ સૂકાં પાંદડાંની ફરિયાદ કરવાનો શો અર્થ ? હવે એના પર પાણી ઢોળવાનો શો ફાયદો ? હવે અવસર ગયો. હા, જેનો અવસર છે એવા વૃક્ષના મૂળમાં સિંચન કરો, તો અર્થ સરે. ભ્રષ્ટાચાર, હિંસા ને જાતીય સતામણીઓની બદીથી દેશ ખદબદી રહ્યો છે. આપણે હોબાળા મચાવીએ છીએ, આંદોલનો કરીએ છીએ, જાત-જાતના કાયદાઓ ઘડી કાઢીએ છીએ. પણ આ બધું કદાચ મડદાંની ચિકિત્સા જેવું છે. મડદું બેઠું થઈ જાય, તો એ આનંદની વાત છે. પણ જે જીવિત છે - જેની પાછળ કરેલો પ્રયાસ ખરેખર સફળ થઈ શકે છે. જેને જીવનોપયોગી શિક્ષણ આપવા માટે કરોડોનું અર્થતંત્ર અને કરોડોની સ્થાવરમિલકતો છે...લાખો શિક્ષકો રોકેલા છે. એની ધરાર ઉપેક્ષા શી રીતે થઈ શકે ? મૂળમાં સિંચન ન કરવું અને પછી સૂકા પાંદડાને જોઈને હોબાળો મચાવવો, એમાં મૂર્ખામી સિવાય બીજું કશું જ નથી.

આપણે આપણી જાતને દરિદ્ર સમજી લીધી છે, અને માટે જ આપણે બધું જ પશ્ચિમથી આયાત કરવામાં માનીએ છીએ. માટે જ આપણા પાઠ્યપુસ્તકોમાંથી

પિતૃભક્તિ ને ભ્રાતૃભાવના અમૂલ્ય પાઠો શીખવતા રામાયણના રહ્યા સહ્યા અંશો અદૃશ્ય થતા જાય છે અને જેક એન્ડ જીલ જેવા તત્ત્વહીન નિરર્થક શબ્દોના ભૂંસા પગપેસારો કરતાં જાય છે. સત્તાધીશોના હૈયે દેશના કૂમળા બાળકોનું હિત કેટલું વસ્યું છે, એ તો ખબર નથી. પણ માતા-પિતાઓ પોતાના સંતાનોના હિત સાથે કોઈ જ કોમ્પ્રોમાઇઝ કરવા માંગતા નથી, એની પૂરી ખાતરી છે. જે માતા-પિતાઓ 'ફી'ઓ ચૂકવી ચૂકવીને સંતાનોના હિત ખાતર એમને જે શિક્ષણસંસ્થાને સોંપે છે, એની પાસે સંતાનોના સર્વાંગીણ વિકાસની અપેક્ષા રાખવાનો તેમનો પૂરો અધિકાર છે. જો માતા-પિતાઓ જાગશે, તો સરકાર જરૂર જાગશે. સમજુ શિક્ષકો, વિચક્ષણ આચાર્યો અને હિતેચ્છુ માતા-પિતાઓ ટૂંક સમયમાં આખા દેશની કાયાપલટ કરી શકે છે.

**ધર્મોપનિષદ્** એ ભારતની સ્વર્ણીય પ્રાચ્ય સમૃદ્ધિ છે. એ આર્ષદષ્ટા મહાપુરુષોનો અણમોલ વારસો છે. સમાજને સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવા માટે એ આરોગ્ય-ટોનિક છે. સંસ્કારોની સુવાસ પ્રસરાવતું એ મઘમઘતું ગુલાબ છે. જીવનમાં પૈસાથી નહીં, પણ ગુણોથી સુખી બની શકાય છે. આજે પણ વિશ્વમાં ધનવાન નહીં પણ ગુણવાન જ સુખી છે. **ધર્મોપનિષદ્** માં ગુણોનો પ્રસાર કરવા માટે આગેવાની લેવાનું સામર્થ્ય છે.

**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्** - જે તમને પોતાને પ્રતિકૂળ છે, તેવું વર્તન તમે બીજા પ્રત્યે ન કરો - આ એક સુવાક્યમાં હજારો હત્યાઓ અટકાવવાની શક્તિ છે.

**न पापं प्रति पापः स्यात्, साधुरेव सदा भवेत्** - દુર્જન પ્રત્યે પણ દુર્જન ન થવું. પણ હંમેશા સજ્જન જ રહેવું - એ એક સુનીતિ વેરના અનર્થોને રોકી શકે છે.

**सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्, न ब्रूयात् सत्यमप्रियम्** - સાચું બોલવું, પ્રિયવચન બોલવું, સાચું પણ એવું ન બોલવું, જેનાથી કોઈનું દિલ દૂભાય - આ એક જ સુભાષિત ઝગડાઓ, વિવાદો અને યુદ્ધોથી બચાવી શકે છે.

**मा हिंसीस्तन्वी प्रजाः** - કોઈ પણ જીવની હિંસા ન કરો - આ એક સુવચન સમસ્ત પર્યાવરણને સુરક્ષિત કરી શકે છે.

**अहिंसा परमो धर्मः** - અહિંસા એ જ પરમ ધર્મ છે - આ સુવર્ણવાક્ય કોમી રમખાણો અને હુલ્લડોને અટકાવી શકે છે.

**लोभः सर्वार्थबाधकः** - લોભ બધી સિદ્ધિઓમાં બાધક છે. - આ એક વાક્યનો સમ્યક્ બોધ દેશભરના ભ્રષ્ટાચારોને સમાપ્ત કરી શકે છે.

**भुङ्क्ते स केवलं पापं, भुङ्क्ते यो ह्यतिथिं विना** - તે માત્ર પાપ જ ખાઈ રહ્યો છે, કે જે અતિથિના વિના જમે છે - આ એક સુવચન દેશપ્રેમ અને ભાઈચારાની ભાવનાને જીવંત બનાવી શકે છે.

**मातृवत् परदाराणि, परद्रव्याणि लोष्ठवत्** - પરસ્ત્રીને માતા સમાન જોવી અને પરધનને માટીના ઢેફા સમાન જોવું - આવું એક સુભાષિત વ્યભિચારો, જાતીય સતામણીઓ અને ચોરીઓને દૂર કરી શકે છે.

**मद्यं कारणमापदाम्** - દારૂ આપત્તિઓનું કારણ છે. આવું એકાદ વાક્ય વ્યસનમુક્તિનો નાદ જગાવી શકે છે.

**पितरो देवाः** - માતા-પિતા દેવતા સમાન છે. આવું એક વાક્ય ઘરને સ્વર્ગ બનાવી શકે છે.

**इन्द्रियैर्नियतैर्बुद्धिर्वर्द्धते** - ઈન્દ્રિયોનું નિયંત્રણ કરવાથી બુદ્ધિ વૃદ્ધિ પામે છે - આવું એક સુભાષિત સમાજમાં શિષ્ટતા જાળવી રાખે છે, ને માધ્યમોના દુરુપયોગને અટકાવે છે.

**नास्ति क्रोधसमो रिपुः** - ક્રોધ જેવો કોઈ શત્રુ નથી - આવું એકાદ સુવર્ણવાક્ય મનની શાંતિ આપે છે અને અને દુર્ઘટનાઓને અટકાવે છે.

**दानं सब्बत्थसाधकम्** - દાન સર્વ પ્રયોજનોને સિદ્ધ કરે છે. આવું એક સુભાષિત દેશમાં ત્યાગ અને સમર્પણની ભાવના જીવંત રાખે છે.

આ તો માત્ર ઝલક છે. સંસારની એવી કોઈ સમસ્યા નથી, જેનું સમાધાન આ આર્ષ વારસામાં ન હોય. એવું કોઈ સુખ નથી, જે આ વચનોના અનુસરણથી ન મળે. સમાજની એવી કોઈ બદી નથી. જે આના શિક્ષણથી ન ટળે.

આખું વિશ્વ આજે હિંસાના ખપ્પરમાં હોમાઈ રહ્યું છે. ભ્રષ્ટાચાર અને દુરાચારની દુર્ગન્ધથી ખદબદી રહ્યું છે. હજી મૂંછનો ઘેરો ન ફૂટ્યો હોય, એવો પુત્ર પિતાને રિવોલ્વરથી શૂટ કરી દે અને બાર વર્ષની કન્યા કુંવારી માતા બને એવી ઘટનાઓ દુનિયાના અનેકાનેક શહેરોમાં સામાન્ય બની છે, આ સ્થિતિમાં ભારતે દુનિયાના ચીલે ચાલીને બરબાદ થવું ? કે પોતાની પ્રાચીન સંસ્કૃતિના ભવ્ય વારસાને

સ્વીકારીને વિશ્વોદ્ધાર માટેની આગેવાની લેવી ?

ખૂન કે જાતીય સતામણીની એક જ ઘટના પૂરા બે પરિવારોનું ધનોત પનોત કાઢી નાખે છે. વાસનાના વમળો સુખી લગ્નજીવનને રફે-દફે કરી નાખે છે. નિરંકુશ લોભ ભયાનક અનર્થોને આમંત્રણ આપે છે. ફાટ ફાટ થતો ક્રોધ આખા ઘરને નરક બનાવી દે. છે. જેના મનમાં આવા દોષોના સાપોએ રાફડા બાંધ્યા છે, એ ભલે હાઈએજ્યુકેટેડ હોય, ભલે એના નામની પાછળ ડિગ્રીઓના લાંબાલચક પૂંછડા લાગતા હોય. વાસ્તવમાં એ મૂર્ખ છે. સંત કબીરનાં વચનો યાદ આવે છે.

**काम क्रोध मद लोभ की, जब लग मन में खान ।**

**तब लग पंडित मूरख ही, कबीर एक समान ॥**

સાચું શિક્ષણ એ છે કે જે દોષોને દૂર કરે અને સદ્ગુણોનું આરોપણ કરે. જીવનને સુખી બનાવવાનો એક માત્ર આ જ ઉપાય છે. માતા-પિતાઓ, અધ્યાપકો, આચાર્યો અને શિક્ષામંત્રીઓએ મળીને વ્યક્તિ, સમાજ અને દેશના હિત ખાતર આ ઉપાય અપનાવી લેવો જોઈએ અને તેમની હિતેચ્છુતાને પુરવાર કરી દેવી જોઈએ.

**સાચું શિક્ષણ એ છે કે જે દોષોને દૂર કરે અને સદ્ગુણોનું આરોપણ કરે. જીવનને સુખી બનાવવાનો એક માત્ર આ જ ઉપાય છે.**

●●●

**આર્ષ વિશ્વ**

**આચાર્ય કલ્યાણબોધિ**

# આહાર મીમાંસા

## વિશ્વના ધર્મોની દૃષ્ટિમાં

વિશ્વના બધા ધર્મોએ જીવમાત્રમાં પરમાત્માની ઝલક જોવા કહ્યું છે અને અહિંસાનો 'પરમ ધર્મ' રૂપે સ્વીકાર કર્યો છે. આહાર માટે પણ કોઈ જીવની હિંસા ન કરવી જોઈએ, આ વાત પર સર્વ ધર્મ એકમત છે. મોટા ભાગના ધર્મોએ તો વિસ્તારપૂર્વક માંસાહારના દોષ બતાવ્યા છે અને કહ્યું છે, કે માંસાહારથી આયુષ્યનો ક્ષય થાય છે, અને પતન થાય છે. જો કોઈ પણ વ્યક્તિ એવું માનતી હોય, કે મારા ધર્મમાં માંસાહારનો નિષેધ નથી, તો એ એનો ભ્રમ છે. ચાલો જોઈએ, કે આહારમીમાંસાના વિષયમાં વિભિન્ન ધર્મદૃષ્ટિઓ શું કહે છે ?

(૧) **હિંદુ ધર્મ** - સર્વ જીવ ઈશ્વરના જ અંશ છે. અહિંસા, દયા, પ્રેમ, ક્ષમા આદિ ગુણો ઘણા મહત્ત્વના છે. માંસાહાર અત્યંત ત્યાજ્ય છે અને દોષપૂર્ણ છે. માંસાહાર કરવાથી આયુષ્યનો ક્ષય થાય છે. **અથર્વવેદ** (૮-૬-૨૩)માં કહ્યું છે -

**य आमं मांसमदन्ति पौरुषेयं च ये कविः ।**

**गर्भान् खादन्ति केशवास्तानितो नाशयामसि ॥**

જેઓ કાચું કે પાકું માંસ ખાય છે, જેઓ ઇંડા ખાય છે, તેમનો અહીંથી અમે નાશ કરીએ છીએ. **ઋગ્વેદ**માં પણ કહ્યું છે, કે શાકાહાર એ સર્વોત્તમ આહાર છે અને માંસાહાર એ નિંદનીય છે. **મહાભારત**ના અનુશાસન પર્વમાં કહ્યું છે કે માંસ ખાનાર, માંસનો વેપાર કરનાર અને માંસ માટે જીવહત્યા કરનાર - એ ત્રણે દોષિત છે. માંસાહારી જ્યાં પણ જન્મ લે છે, ત્યાં સુખપૂર્વક રહી શકતો નથી. 'માંસ'નો અર્થ છે - **मांस भक्षयिताऽमुत्र** - જેનું માંસ હું ખાઈ રહ્યો છું, એ મને પરલોકમાં ખાશે.

**ભગવદ્ગીતા**માં કહ્યું છે કે માંસાહાર કુસંસ્કારોની તરફ લઈ જાય છે, બુદ્ધિને ભ્રષ્ટ કરે છે તથા રોગ અને આળસ આદિ દુર્ગુણો આપે છે.

**જેઓ કાચ્ચું કે પાક્કું માંસ ખાય છે, જેઓ ઈંડા ખાય છે, તેમનો અમે અહીંથી નાશ કરીએ છીએ - અથર્વવેદ**

(૨) **ઈસાઈ ધર્મ** - ઈસા મસીહને જાન દિબૈપટિસ્ટ પાસેથી જ્ઞાન મળ્યું હતું, જે માંસાહારના સખ્ત વિરોધી હતાં. ઈસા મસીહના ઉપદેશના બે મુખ્ય સિદ્ધાન્ત છે -

**Thou shall not kill.**

તું જીવહત્યા નહીં કરે.

**Love thy neighbour**

પોતાના પાડોશીને પ્રેમ કરો.

'ગાસ્પલ ઑફ પીસ ઑફ જીસસ ક્રાઇસ્ટ' માં ઈસા મસીહે કહ્યું છે - 'સત્ય તો એ છે, કે જે હત્યા કરી રહ્યો છે, તે વાસ્તવમાં પોતાની જ હત્યા કરી રહ્યો છે. જે મારેલા જાનવરનું માંસ ખાય છે, તે વાસ્તવમાં પોતાનું મડદું પોતે જ ખાય છે. જાનવરોનું મૃત્યુ એનું પોતાનું મૃત્યુ છે, કારણ કે આ અપરાધની સજા મૃત્યુથી ઓછી હોઈ જ ન શકે. જો તમે શાકાહારને પોતાનું ભોજન બનાવશો, તો તમને જીવન અને શક્તિ મળશે. પણ જો તમે મૃત (માંસાહાર) ભોજન કરશો, તો એ મૃત આહાર તમને પણ મારી નાખશે. કારણ કે માત્ર જીવનથી જ જીવન મળે છે. મૃત્યુથી હંમેશા મૃત્યુ જ મળે છે.

**જાનવરોનું મૃત્યુ એનું પોતાનું મૃત્યુ છે, કારણ કે આ અપરાધની સજા મૃત્યુથી ઓછી હોઈ જ ન શકે. Thou shall not kill - તું જીવહત્યા નહીં કરે. - ઈસા મસીહ**

(૩) **શિન્તો ધર્મ** - આ ધર્મના અનુયાયીઓ જાપાનમાં વસેલા છે. આ ધર્મની માન્યતા છે કે 'જે લોકો દયા કરે છે, તેમનું આયુષ્ય વધે છે.'

(૪) **તાઓ ધર્મ** - આ ધર્મના અનુયાયીઓ ચીન તથા એશિયામાં વસેલા છે. આ ધર્મની માન્યતા છે કે બધી જ ક્રિયાઓની પ્રતિક્રિયાઓ હોય છે.

**If you kill, you will also be killed.**

જો તું હત્યા કરીશ, તો તારી પણ હત્યા કરવામાં આવશે.

(૫) **કન્ફ્યૂશસ ધર્મ** - આ ધર્મના અનુયાયીઓ ચીન, જાપાન, બર્મા અને

થાઈલેંડમાં વસેલા છે. આ ધર્મની માન્યતા છે કે માંસાહારનો ત્યાગ એ ધર્મની પરિપૂર્ણતા છે.

(૬) **પારસી ધર્મ** - આ ધર્મના ગ્રંથ જેન્દ અવેસ્તામાં કહ્યું છે, કે જીવોની હત્યા એ અધાર્મિક છે.

(૭) **શીખ ધર્મ** - ગુરુ નાનક દેવે માંસાહારનો સ્પષ્ટ શબ્દોમાં વિરોધ કર્યો છે, અને કહ્યું છે કે જે લોહી લાગવાથી કપડું ગંદુ અને અપવિત્ર થઈ જાય છે, એ લોહીને જે માણસ પીવે છે, તેનું મન કેવી રીતે નિર્મલ રહી શકે ?

**जे रत लागे कापड़े, जामा होई पलीत ।**

**ते रत पीवे मानुषा, तिन कर्यूं निर्मल चीत ? ॥**

ગુરુ સાહેબોએ સ્પષ્ટરૂપે હિંસા ન કરવાનો આદેશ આપ્યો છે, અને જ્યારે હિંસા જ પ્રતિબંધિત છે, ત્યારે માંસ-માછલી ખાવાનો સવાલ જ રહેતો નથી. શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક કમિટીએ ઊંડી તપાસ કર્યા બાદ ગુરુ સાહેબના નિશાન અને હુકમનામાઓને પુસ્તકરૂપે છપાવ્યા છે. તેમાં એક હુકમનામું આ છે -

**दारु कोई नाही खाणा ।**
**मास मछली पिआज नाही खाणा ।**
**चोरी जारी नाही करणी ।** - ગુરુ સાહેબ

**हुक्म नाम न. ११३**

**हुक्मनामा बाबा बन्दा बहादुरजी**

**मोहर फारसी**

**देगो तेगो फतहि नुसरत बेदरिंग**

**याफत अज नानक गुरु गोबिन्दसिंह**

**१ ओ फते दरसनु**

सिरी सचे साहिब जी दा हुक्म है सरबत खालसा जउनपुर का गुरु रखेगा । खालसे दी रहत रहणा भंग तंमाकू हफीम पोस्त दारु कोई नाही खाणा मास मछली पिआज, नाही खाणा चोरी जारी नाही करणी ।

અર્થાત્ માંસ, માછલી, પ્યાજ, નશીલા પદાર્થો, દારૂ વગેરેની મનાઈ કરી છે. બધાં શીખ ગુરુદ્વારાઓમાં લંગરમાં અવશ્યપણે શાકાહાર જ બને છે.

(૮) **બૌદ્ધ ધર્મ** - આ ધર્મના પંચશીલ, એટલે કે સાદાચારના પાંચ નિયમોમાં પ્રથમ અને મુખ્ય નિયમ - કોઈ પ્રાણીને દુઃખ ન આપવું - અહિંસા જ છે. **ધમ્મપદ** (પૃ. ૨૦)માં કહ્યું છે -

**सव्वे तसन्ति दंडस्स, सव्वे भायन्ति मच्चुनो ।**

**अत्तानं उपमं कत्वा, न हनेय्य न घातये ॥**

જેમ મને પીડા પસંદ નથી, તેમ અન્ય જીવોને પણ પીડા પસંદ નથી. જેમ મને મૃત્યુનો ડર સતાવે છે, તેમ સર્વ જીવોને પણ મૃત્યુનો ડર લાગે છે. આમ વિચારીને બધાં જીવોને પોતાની સમાન સમજવા. ન કોઈ જીવને મારવો, ન મરાવવો.

**લંકાવતાર સૂત્ર**માં કહ્યું છે કે બધાં જીવોને પોતાના સંતાનની જેવા સમજીને પ્રેમ કરવો જોઈએ. બુદ્ધિમાન વ્યક્તિએ સંકટના સમયે પણ માંસ ખાવું એ ઉચિત નથી. એ જ ભોજન ઉચિત છે, જેમાં માંસ કે લોહીનો અંશ ન હોય. ગૌતમ બુદ્ધે સ્પષ્ટ કહ્યું છે કે માંસ દુર્ગંધમય છે, અભક્ષ્ય છે અને ઘૃણાથી ભરેલું છે.

(૯) **યહૂદી ધર્મ** - આ ધર્મ પણ અહિંસાનો પક્ષ લે છે. આ ધર્મમાં તેવા લોકોને ત્યાજ્ય કહ્યાં છે, કે જેમના હાથો લોહીથી રંગાયેલા છે. બાઈબલમાં કહ્યું છે, 'તું મારા માટે હંમેશા એક પવિત્ર આત્મા હોઈશ. શરત એટલી જ કે તું કોઈનું માંસ નહીં ખાતો.' આ ધર્મ ન્યાય, દયા અને વિનમ્રતાનો ઉપદેશ આપે છે. જ્યારે માંસાહાર એ ત્રણેનો વિરોધી છે. માટે બાઈબલમાં ત્યાં સુધી કહ્યું છે કે-

Keep away from those who consume meat and intoxitants for they will be deprived of everything and will eventually become beggers.

દારૂ અને માંસનું સેવન કરનારાઓની સંગત કદી ન કરો. કારણ કે તેવા લોકો આપત્તિઓનો ભોગ બને છે અને ભીખ માંગતા થઈ જાય છે. જીસસ ખ્રિસ્તે એમ પણ કહ્યું છે કે -

I say unto all who desire to be my disciples, keep your hand away from bloodshed & let no flesh meat enter your mouth, for God

is just & bowntiful who ordaineth that man shall live by fruits, grains & seeds of the earth alone.

મારા શિષ્યો ! તમે લોહી વહેવડાવવાનું છોડી દો. અને પોતાના મુખમાં માંસ ન નાખો. ઈશ્વર ખૂબ દયાળુ છે. એમની આજ્ઞા છે કે મનુષ્યોએ પૃથ્વી પર ઉત્પન્ન થતા ફળ અને અન્નથી જીવન નિર્વાહ કરવો.

(૧૦) **ઈસ્લામ ધર્મ** - આ ધર્મમાં દયાનો ઘણો મહિમા છે. પૈગમ્બર મહમ્મદ સાહેબે પવિત્ર ગ્રંથ હદીસમાં કહ્યું છે -

**इरहमु मनफिल अर्दे यरहम कुमुर्रहमानु** 'દુનિયાવાળા પર તમે દયા કરો, કારણ કે ભગવાને તમારા પર ઘણી મહેરબાની કરી છે.' કુરાન શરીફમાં સૂરે બકરમાં હજના વર્ણનમાં લખ્યું છે - જાનવરોને મારવા અને ખેતીનો વિનાશ કરવો, એ જમીનમાં ખરાબી ફેલાવવા જેવું છે અને અલ્લાહ ખરાબીને પસંદ નથી કરતાં -

**वैजा तवल्ला साआ फिर अरदे ल्युक सिद फीहा ।**

**व युह लिकल हरसा बन्नस्ल वल्लाहो ला युहिबुल फसादा ।**

કુરાનમાં એમ પણ કહ્યું છે, કે જે બધા પર રહમ (દયા) કરે છે, તે રહીમ છે. માટે બધાં પ્રાણીઓ પર દયા કરો. ખુદા એક નાની કીડી કે રેતના નાના કણ જેટલો પણ જુલમ પણ કોઈની ઉપર ઇચ્છતા નથી. (નિસાઅની ૪૦મી આયાત)

લંડન મસ્જિદના ઈમામ અલ હાફિજ બશીર અહમદ મસેરીએ પોતાના પુસ્તક - 'ઈસ્લામિક કંસર્ન અબાઉટ એનીમલ્સ'માં મજબહના હિસાબે પશુઓ પર થતાં અત્યાચારો પર દુઃખ પ્રગટ કરતાં પાક કુરાન મજીદ અને હજરત મહમ્મદ સાહેબના વચનની સાક્ષી આપતાં કહ્યું છે, કે કોઈ પણ જીવ-જંતુને કષ્ટ આપવું, એમને શારીરિક કે માનસિક પીડા આપવી, કે ત્યાં સુધી કે પક્ષીઓને પણ પાંજરામાં પૂરવા, એ પણ ગુનો છે. ઈસ્લામ તો વૃક્ષોને કાપવાની પણ રજા આપતું નથી, એવું પણ તેમણે કહ્યું છે.

ઈમામ સાહેબે પોતાની પુસ્તકના પૃષ્ઠ ૧૮ પર હજરત મહમ્મદ સાહેબનું વચન આ રીતે કહ્યું છે - જો કોઈ મનુષ્ય નિર્દોષ ચકલીને પણ મારે છે, તો એણે ખુદાને તેનો જવાબ દેવો પડશે. અને જે કોઈ પક્ષી ઉપર પણ દયા કરીને તેને જીવન આપે છે, તો અલ્લાહ એના પર કયામતના દિવસે દયા કરશે.

ઈમામ સાહેબ પોતે પણ શાકાહારી છે અને બધાને શાકાહારી બનવા માટે પ્રેરણા કરે છે.

(૧૧) **જૈન ધર્મ** - આ ધર્મમાં સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત જીવોનું છ પ્રકારોમાં વિભાજન કરવામાં આવ્યું છે. જેમાં મનુષ્યથી માંડીને કીડી અને પૃથ્વી, જળ વગેરે સુધીના જીવોની રક્ષાનો સૂક્ષ્મ ઉપદેશ આપવામાં આવ્યો છે. અહિંસા આ ધર્મનો મુખ્ય સિદ્ધાન્ત છે. કોઈને એવું વચન કહેવું, કે જેનાથી એ પીડિત થાય, કે કોઈનું ખરાબ વિચારવું, એને પણ આ ધર્મમાં હિંસા કહી છે. આ ધર્મમાં પશુઓને બાંધવા કે વધારે ભાર લાદવાને પણ પાપ માનવામાં આવે છે. ત્યાં માંસાહારનો તો સવાલ જ ઊભો નથી થતો. **યોગશાસ્ત્ર**માં કહ્યું છે -

**नरकाध्वनि पाथेयं कोऽश्नीयात् पिशितं सुधीः ?**

માંસ તો નરકના માર્ગનું પાથેય છે, કયો ડાહ્યો માણસ એને ખાવા ઇચ્છે ?

આ રીતે આપણે જોઈ શકીએ છીએ, કે બધાં ધર્મોએ જીવદયાનો ઉપદેશ આપ્યો છે અને માંસાહારનો નિષેધ કર્યો છે. જેઓ પોતાનું કલ્યાણ ઇચ્છતાં હોય, તેમનું કર્તવ્ય છે, કે આ ઉપદેશનું દૃઢતાપૂર્વક અનુસરણ કરે.

(વિનંતિ - આ લેખનો પેમ્પ્લેટ / પોસ્ટર રૂપે પ્રચાર કરીને જીવદયાનો અણમોલ લાભ મેળવવા જેવો છે.)

●●●

### શું ખાવું ?

# વેજ કે નોનવેજ

### વૈજ્ઞાનિક દૃષ્ટિથી ભોજન વિચાર

વિજ્ઞાન કહે છે કે કોઈ પણ વ્યક્તિએ પોતાને અનુરૂપ ભોજનની પસંદગી કરવા માટે પોતાની પ્રકૃતિ અને શરીરરચનાનો વિચાર કરવો જોઈએ. મનુષ્યની બાબતમાં વિચાર કરીએ, તો એના દાંત માંસાહારી પ્રાણીઓના દાંત સાથે બિલ્કુલ મળતા નથી. મનુષ્યના વચ્ચેના બે દાંત બાકીના દાંતો સાથે એક જ હારમાં હોય છે. પણ માંસાહારી જીવોને જે આગળના બે મોટા દાંત હોય છે, તે બીજા દાંતો કરતા ધારદાર અને આગળની તરફ નીકળેલા હોય છે. એમનો પંજો અને નખો 'તેજ' હોય છે. એમના જડબા માત્ર ઉપર-નીચે ચાલે છે. તેઓ પોતાના આહારને ગળી જાય છે. એમની જીભ ખરબચડી હોય છે. તેઓ જીભથી પાણી પીવે છે. એમના આંતરડાં નાના હોય છે. એમનું હૃદય અને કિડની બીજાની અપેક્ષાએ મોટા હોય છે. એમની લાળમાં હાઈડ્રોક્લોરિક અમ્લ હોય છે. મનુષ્યની શરીરરચના આનાથી બિલ્કુલ અલગ છે. એમની શરીરરચના શાકાહારી પ્રાણીઓથી મળે છે. શાકાહારી પ્રાણીઓના દાંત અને નખ ધારદાર નથી હોતા. એમના જડબાં બધી દિશાઓમાં ખુલે છે. તેઓ પોતાના આહારને ચાવે છે. તેમની જીભ ચીકણી અને સ્નિગ્ધ હોય છે. તેઓ હોઠથી પાણી પીવે છે. તેમના આંતરડાં મોટા હોય છે. એમનું હૃદય અને કિડની નાના હોય છે. એમની લાળમાં ક્ષાર (અલ્કેલાઈન) હોય છે.

પ્રકૃતિએ સ્વયં મનુષ્યને શાકાહારી અસ્મિતા આપી છે. મનુષ્યના શરીરની રચના પણ તદનુરૂપ કરી છે. જો મનુષ્ય પોતાની પ્રકૃતિ અને શરીર રચનાથી વિપરીત ભોજન કરે, તો એના શરીર પર દુષ્પ્રભાવ પડે જ. તો ચાલો, હવે જોઈએ કે વિશ્વના પ્રતિષ્ઠિત વિજ્ઞાની અને ડૉક્ટર પોતાના સંશોધન અને અનુભવથી શું કહે છે ?

● **ડૉ. કિંગ્સ્ફોર્ડ અને હેગ**-માંસ ખાવાથી દાંતોને હાનિ પહોંચે છે, સંધિવાત થઈ

જાય છે. એટલું જ નહીં, માંસાહારથી ક્રોધ ઉત્પન્ન થાય છે, જે અનેક રોગોનું કારણ છે.

- **ડૉ. જોશિયા આલ્ડ ફિલ્ડ** (D.C.M.A., M.R.C. L.R.C.P.) સિનિયર ફિઝિસીયન મારગેરેટ હૉસ્પિટલ બ્રામલે) - માંસ અપ્રાકૃતિક ભોજન છે, તેથી એ શરીરમાં અનેક પ્રકારના ઉપદ્રવ કરે છે. માંસાહારી લોકો કેન્સર, ક્ષય, જ્વર, પેટના કૃમિ વગેરે ભયાનક રોગોથી વધુ પીડિત થાય છે. એમાં કોઈ આશ્ચર્ય નથી, કે માંસાહાર એ ભયાનક રોગોના કારણોમાંથી એક કારણ છે, જે ૧૦૦માંથી ૯૯ ને સતાવે છે.
- **સિલપેસ્ટર, ગ્રેહમ, ઓ.એસ. ફૌલ્ડર, જે. એફ ન્યૂટન, જે. સ્મિથ, ડૉ. ઓ.એ.અલકર હિડકલેન્ડ, ચીન, લેમ્બ વકાન, ટ્રજી, ઓલાસ, પેમ્બરટર્ન, હાઈટેલા** વગેરે કેટલાય ડૉક્ટરો, કુશલ ચિકિત્સકોએ અનેક પ્રમાણો દ્વારા સિદ્ધ કર્યું છે, કે માંસ-માંછલી ખાવાથી શરીર અનેક રોગોનું ઘર બની જાય છે. જઠરના રોગો, યક્ષ્મા, રાજયક્ષ્મા, મૃગી, પાદશોથ, વાતરોગ, સંધિવાત, નાસૂર વગેરે રોગો ઉત્પન્ન થાય છે. તેમણે પ્રત્યક્ષ જોયું છે કે માંસ-માંછલી ખાવાનું છોડી દેવાથી મનુષ્યના ઉત્કટ રોગ મૂળમાંથી નષ્ટ થઈ જાય છે અને તેઓ હૃષ્ટ-પુષ્ટ થઈ જાય છે.
- **ડૉ. એસ ગ્રહેમન, ડબ્લ્યૂ એસ. ફૂલર, ડૉ. પાર્મલી લેમ્બ, ક્યાનિસ્ટર બેલર, જે. પોર્ટર, એ. જે. નાઈટ અને જે. સ્મિથ** વગેરે ડૉક્ટર પોતે માંસ ખાવાનું છોડી દેવાથી યક્ષ્મા, અતિસાર, અજીર્ણતા અને મૃગી રોગોથી મુક્ત થઈને સબળ અને પરિશ્રમી થયા છે. આ જ રીતે તેમણે અન્ય રોગીઓને માંસ ખાવાનું છોડાવીને સારા તંદુરસ્ત કર્યા છે અને કેટલાય ડૉક્ટરોએ પોતાના પરિવારનો માંસાહાર છોડાવ્યો છે.
- **ડૉ. કેલોગ**-વિજ્ઞાનની દષ્ટિએ તપાસ કરવા પર સિદ્ધ થયું છે, કે આ વાત સાવ ખોટી છે, કે ગાયનું માંસ શક્તિ આપે છે. વાસ્તવમાં માંસાહાર નિર્બળતાનો શિકાર બનાવે છે. અને એનાથી જે નાઇટ્રોજીનસ પદાર્થ ઉત્પન્ન થાય છે, તે સ્નાયુજાળ પર ઝેરનું કામ કરે છે.
- **ડૉ. ડૌગ્લાસ મેકડોનાલ્ડ** - માંસાહારથી યુરિક એસિડની વૃદ્ધિ થાય છે, જેનાથી નાસૂરનું દર્દ લાગૂ થાય છે.

- **ડૉ. વિલિયમ્સ રોબર્ટ** (મિડલે સેક્સ કેન્સર હોસ્પિટલ) - માંસાહારથી આ રોગની વૃદ્ધિ થાય છે, એવું આંકડાંઓથી સાબિત થાય છે.
- **ડૉ. સર જેમ્બ સોયર** (M.D.F.R.C.P.) મારા ઊંડા અનુભવ પછી આ સિદ્ધ થયું છે કે માંસાહારથી ઇંગ્લેંડમાં નાસૂરનું દર્દ ફેલાયું છે.
- **ડૉ. હેગ**-ધાન્ય, ફળ અને શાકના આહારથી રોગ થતો જ નથી.
- **ડૉ. લીઓનાર્ડ વિલિયમ્સ** - ૮૫% માંસાહારી પ્રજા ગળાની બીમારીઓ અને આંતરડાના રોગોથી દુ:ખી થઈ રહી છે. જેનું મૂળ કારણ તેમનો માંસાહાર જ છે.
- **પ્રોફેસર કીથ** - માંસાહારથી દાંત, ગળા અને નાકના દર્દ ઉત્પન્ન થાય છે.
- **ડૉ. પોલ કાર્ટન** - માંસનો ખોરાક ડીસ્પેસિયા એપેન્ડી સાઈટીસ વગેરે રોગોને ઉત્પન્ન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ટાઈપોર્ડ સંગ્રહણી વગેરેની તકલીફોને વધારે છે અને ક્ષય, નાસૂર જેવા પ્રાણઘાતક રોગોના જીવાણુઓને પ્રવેશ કરવા માટે સહાયક થાય છે.
- **ડૉ. કોઝન્સબેલી** - પશુ-પક્ષીઓના માંસમાં એપેન્ડી સાઈટીસના જંતુઓ હોવાથી શરીરમાં રહેલા માંસને આ રોગનો ચેપ લાગે છે.
- **ડૉ. પોલ કાર્ટન** - માંસનો ખોરાક ટાઇફોડ જેવા રોગના ઝેરી જંતુઓ માટે ખૂબ જ અનુકૂળ છે.
- **ડૉ. એચ. એસ. બ્રુઅર** - માંસ ખાવાવાળાઓની નસો અને ઘોરી નસો ભરાઈ જાય છે અને પાતળી પડી જાય છે. માટે તેમને ઓછો કે વધુ તાવ આવતો રહે છે.
- **ડૉ. બોન નુરડન** - માંસાહારથી લિવર, કિડની અને તેવા જ બીજા ભાગોને વધારે બોજો થાય છે. અને તેનાથી સંધિવાત અને લિવર તથા કિડની સંબંધી અન્યાન્ય પીડા ઉત્પન્ન થાય છે.
- **ડૉ. પાર્કર સબ** - માંસ ખાવાથી ગાઇડ, સંધિવાત અને કિડનીની પીડા ઉત્પન્ન થાય છે.
- **ડૉ. સવેજે** - પાગલપણાની બીમારી માંસભક્ષી લોકોમાં જ વિશેષથી જોવામાં આવે છે.

- **ડૉ. ડેવિડ પોટર્ટન** - માંસને આંતરડાંઓમાંથી પસાર થતા ૩ કે ૪ દિવસ લાગી શકે છે, જ્યારે તંતુસમૃદ્ધ (ફાયબર્સ) શાકાહાર ૨૪ કલાકમાં જ આંતરડાંઓની યાત્રાને પૂરી કરી લે છે. માટે શાકાહારી વ્યક્તિ પશ્ચિમ જગતની તમામ વિકારમૂલક (ડીજેનરેટિવ્હ) બીમારીઓથી બચી જાય છે.
- **અમેરિકન ફૂડ એન્ડ ન્યૂટ્રીશન બોર્ડ - નેશનલ રિસર્ચ કૌંસિલ** - અધિકાંશ પોષણ વિજ્ઞાની આ તથ્યથી સહમત છે કે યથોચિત શાકાહાર સ્વયં સંપૂર્ણ અને પર્યાપ્ત આહાર છે. દુનિયાના પ્રાયઃ બધાં જ દેશોમાં શુદ્ધ શાકાહારીઓએ પોતાનું સ્વાસ્થ્ય ઉત્તમ રીતે જાળવી રાખ્યું છે. જે આ વાતનું પ્રતિક છે, કે સંતુલિત આહાર અમૃત જેવો છે.
- **સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યુયોર્ક, બફૈલો** - અમેરિકામાં દર વર્ષે ૪૭૦૦૦થી વધુ બાળકો એવા જન્મે છે, જેમના માતા-પિતા માંસાહારી હોવાથી તેમને ઘણી બીમારીઓ જન્મથી જ હોય છે. અને તે બાળકો મોટા થયા પછી પણ પૂર્ણપણે સ્વસ્થ થઈ શકતાં નથી.
- **ડૉ. માઈકલ એસ. બ્રાઉન અને ડૉ. જોસેફ એલ. ગોલ્ડસ્ટીન** (અમેરિકા, નોબલ પુરસ્કાર વિજેતા) હ્રદયરોગથી બચવા માટે કોલેસ્ટેરોલને જામ થતા રોકવું ખૂબ જ જરૂરી છે. આ તત્ત્વ વનસ્પતિમાં નહીવત્ હોય છે. માંસ, ઈંડા અને પશુઓથી પ્રાપ્ત થતી ચરબીમાં ઘણા પ્રમાણમાં હોય છે. જે વ્યક્તિ માંસ કે ઈંડા ખાય છે, એમના શરીરમાં રિસ્પટરોંની સંખ્યા ઓછી થઈ જાય છે, જેનાથી લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ વધી જાય છે. આનાથી હ્રદયરોગ, કિડનીના રોગ અને પથરી જેવી બીમારીઓ વધે છે.
- **ડૉ. એમ. રૉક.** (બ્રિટન) - શાકાહારીઓમાં સંક્રામક અને ઘાતક બીમારીઓ માંસાહારીઓની અપેક્ષાએ ઓછી હોય છે. તેઓ માંસાહારીઓની અપેક્ષાએ વધુ સ્વસ્થ, વધુ સ્ફૂર્તિવાળા, શાંતપ્રકૃતિવાળા અને ચિંતનશીલ હોય છે. (એક સર્વેક્ષણ અભિયાનનું પરિણામ.)
- **ડૉ. વિલિયમ સી. રોબટ્ર્સ** - અમેરિકામાં માંસાહારી લોકોમાં હ્રદયરોગના દર્દીઓ વધારે છે. તેમની તુલનામાં શાકાહારી લોકોમાં હ્રદયરોગના દર્દીઓ ઓછા હોય છે.
- **હેલ્થ એજ્યુકેશન કાઉંસિલ** - વિષાક્ત ભોજન (Food poisoning)થી થતાં

૯૦% મૃત્યુઓનું કારણ માંસાહાર છે.

- **પ્રોફેસર એગ્નરબર્ગ** (જર્મની) - ઈંડું ૫૧.૮૩% કફ ઉત્પન્ન કરે છે, જે શરીરના પોષક તત્ત્વોને અસંતુલિત કરી દે છે.
- **ડૉ. ઈ.બી. એમારી** (અમેરિકા) તથા **ડૉ. ઈન્હા** (ઇંગ્લેંડ) - ઈડાં મનુષ્ય માટે ઝેર છે. (વિશ્વ વિખ્યાત પુસ્તકો - 'પોષણનું અભિનવ વિજ્ઞાન' અને 'રોગીઓની પ્રકૃતિ'માં)
